પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૨૮ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૦૫-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બિહારના અનેક જિલ્લાઓમાં તોફાની વાવાઝોડાથી તબાહી, ૨૭ લોકોના મોત થયા

પટણા,

બિહારમાં વાવાઝોડાના પાણીએ તબાહી મચાવી હતી. આ વાવાઝોડામાં ૨૭ લોકોના મોત થયા છે. ભાગલપુર અને મુઝફ્ફરપુરમાં છ-છ લોકોના મોત થયા છે. લખીસરાઈ જિલ્લામાં ત્રણ લોકોના મોત થયા છે. વૈશાલી અને મુંગેરમાં બે-બે, બાંકા, જમુઈ, કટિહાર, કિશનગંજ, જહાનાબાદ, સારણ, નાલંદા અને બેગુસરાઈમાં એક-એક મૃત્યુ પામ્યા. એનએચ અને રેલ્વે ટ્રેક પર વાયરો અને વૃક્ષો પડતાં રોડ અને રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો.



સહરસામાં ઓએચઈ વાયર તૂટવાને કારણે ત્રણ કલાક સુધી ટ્રેનની કામગીરી અટકી પડી હતી.લગભગ ૬૦ કિમીની ઝડપે આગળ વધી રહેલા આ ધૂળના તોફાનના કારણે થોડો સમય અંધારપટ છવાઈ ગયો હતો. અસ્થાવન પોલીસ સ્ટેશન વિસ્તારના દેશણા રોડ પર એક વાયરનું ઝાડ મહિલા પર પડ્યું. આ અકસ્માતમાં મહિલાનું મોત થયું હતું. જોરદાર તોફાનને કારણે ગંગામાં હોડી પલટી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે માણેરના રતનપુરામાં ગંગા નદીમાં વાવાઝોડા દરમિયાન રેતી વહન કરતી ત્રણ બોટ પલટી જવાના સમાચાર છે. આ અકસ્માતમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. પૂર્વ બિહારના જિલ્લાઓમાં આવેલા વાવાઝોડા અને વરસાદમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા હતા. મૃતકોમાં ત્રણ લખીસરાયના, બે ભાગલપુરના અને એક-એક મુંગેર અને બાંકાના છે. તો લખીસરાઈમાં વીજલાઈનો તૂટવાને કારણે એક કલાક સુધી રેલ સેવા ખોરવાઈ ગઈ હતી.

જયારે લખીસરાઈ જિલ્લામાં વરસાદ અને વાવાઝોડાને કારણે બે લોકોના મોત થયા છે અને ત્રણ ઘાયલ થયા છે. ચાણણમાં એક મહિલાનું ઝાડ નીચે દબાઈ જવાથી મોત થયું હતું. મૃતક અનીતા દેવી (૪૦) માળિયાની રહેવાસી હતી. બારહિયામાં પડી જવાને કારણે બાળક વિવેક કુમાર (૧૦)નું મૃત્યુ થયું હતું, જયારે પીરીબજારનો એક વ્યક્તિ મેદનીચોકીના બનબુના ટોલમાં ભેંસ ચરાવતી વખતે થેંકાને કારણે મૃત્યુ પામ્યો હતો. મુંગેર જિલ્લાના ખડગપુરના દરિયાપુરમાં, વાવાઝોડામાં દિવાલ ધરાશાયી થતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. સંગ્રામપુરમાં વાવાઝોડામાં વૃક્ષો ધરાશાયી થતાં માર્ગ બંધ થઈ ગયો હતો.

જમુઈ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં વાયરો તૂટવાને કારણે કેટલીક જગ્યાએ વીજળી ખોરવાઈ ગઈ હતી. ખાખરીયા જિલ્લામાં ભારે તોફાન અને વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. બાંકાના કટોરિયાના કરડા ગામમાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું ભાગલપુર શહેરમાં વીજળી કાપવામાં આવી છે. નાથનગરમાં તોફાન દરમિયાન કેરી ચૂંટતી વખતે ઝાડ સાથે અથડાતા બે બાળકોના મોત થયા હતા.

મુઝફ્ફરપુરમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. ગાજવીજ સાથે જોરદાર વરસાદ વરસ્યો હતો. જેમાં ઘણી જગ્યાએ ઘરો પર વૃક્ષો પડી ગયા હતા, જેના કારણે બે મહિલાઓ સહિત ત્રણ લોકોના મોત થયા હતા. પારુમાં બે અને સાહેબગંજમાં એકનું મોત થયું હતું. પારુના મદન છપરા ગામમાં વિશ્વેશ્વર સિંહ ઉર્ફે જોકા સિંહના ઘર પર ઝાડ પડતાં તેની પત્ની રાજમતી દેવી (૫૦)નું મોત થયું હતું. પારુના કેશોપુર બાભનગાંવમાં ઝૂંપડી પર એક મોટું ઝાડ પડ્યું. ઝૂંપડીમાં દટાઈ જવાથી પ્રિયા કુમારી (૧૭)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માતમાં તેમના દાદા હરદેવ રામ ઘાયલ થયા હતા. સાહેબગંજના ડાયરાના બાંગરા નિઝામતમાં એક મોટું સેમલનું ઝાડ પડી ગયું, જેના કારણે એક યુવકનું મોત થયું.

## હાર્દિક પટેલને કોંગ્રેસમાં રહેતા પણ ન આવડ્યું અને છોડતા પણ નહિ : જીજ્ઞેશ મેવાણી

અમદાવાદ,

ત્રણ ચાર વર્ષ કોંગ્રેસનો સાથ નિભાવીને હાર્દિક પટેલે ગુરુવારે એક ઝાટકે કોંગ્રેસનો સાથ છોડી દીધો હતો. હાર્દિકે કોંગ્રેસનો સાથ તો છોડ્યો પરંતુ 'રાહુલ રાજ'માં હાર્દિકે વિભીષણ જેવું કામ કર્યું છે. કોંગ્રેસનો સાથ છોડતાની સાથે જ હાર્દિકે કોંગ્રેસની અંદરની વાતો બહાર કરવા માંડી છે. કોંગ્રેસની નીતિ અને રીતિ એ રીતે જાહેર કરી છે કે જે કોંગ્રેસને ભાગવા પુરતી સાબિત થઈ શકે છે. હાર્દિકના આ વર્તનથી કોંગ્રેસના અનેક નેતાઓ તો નારાજ છે સાથે સાથે અન્ય પક્ષનાં નેતાઓ પણ હાર્દિકની આ બાબતને તેની નાદાની ગણાવી રહ્યા છે. જીજ્ઞેશ મેવાણી એ પણ હાર્દિક વિષે વાત કરી હતી અને નિવેદન આપ્યું હતું. જીજ્ઞેશ મેવાણી એ હાર્દિકને ગરિમા પૂર્ણ વર્તન નથી કર્યું એમ કહ્યું હતું.

હાર્દિકે કરેલ તેના મનની વાતને વડગામના અપક્ષ ધારાસભ્ય અને



કોંગ્રેસના નેતા જિજ્ઞેશ મેવાણીએ પત્રકાર પરિષદ યોજી બફાટ ગણાવ્યો હતો અને અનેક સવાલો પણ કર્યા હતા. જીજ્ઞેશ મેવાણીએ હાર્દિક પટેલને લઈને કહ્યું હતું કે હાર્દિકે ગરિમામાં રહીને કોંગ્રેસને છોડવી જોઈતી હતી. તેને જે શબ્દો બોલ્યા છે એ યોગ્ય નથી. તેને કહ્યું હતું કે હું કોંગ્રેસમાં છું અને લડવાનો છું. કોંગ્રેસ સાથે વૈચારિક મતભેદ હોઈ શકે છે, પણ એ પક્ષની અંગત વાત છે. રાજીનામું આપતી વેળાએ રાહુલજીને ચિકન સેન્ડવિચ આપવાની વાત ક્યાં આવી? ઉપરાંત તેને પ્રેસ-કોન્ફરન્સમાં અંબાણી અને અદાણી કેમ યાદ આવ્યા? જિજ્ઞેશ મેવાણીએ સરકારને સવાલ કર્યો હતો કે માત્ર પાટીદારો સામે જ કેમ કેસ પરત ખેંચાયા. ઉનામાં દલિતો સામેના કેસ હજી પરત નથી લેવાયા. પદ્માવતી ફિલ્મના વિરોધ વખતે થયેલા કેસ કેમ પરત નથી લેવાયા. છતાય હાર્દિક બધું ભૂલી ગયા છે.

જીજ્ઞેશ મેવાણીએ વધુ વાત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસે હાર્દિકને ઘણું આપ્યું છે. હાર્દિક સીધા જ રાષ્ટ્રીય નેતૃત્વના સંપર્કમાં રહેતા હતાં. ચૂંટણીઓમાં સ્ટાર પ્રચારક બનાવ્યા હતાં. પ્રચાર માટે હેલિકોપ્ટર-ચોપર આપ્યા હતાં. જે લોકોએ હાર્દિકને પ્રેમ આપ્યો તે લોકોને હાર્દિક હવે ગાળો બોલી રહ્યો છે. હાર્દિક પર ૩૨ કેસ છે એટલે બની શકે કે તેમના પર દબાણ હોઈ શકે એટલે રાજીનામું આપ્યું છે. અસામમાં ફરિયાદ મામલે મારી માટે અડધી રાતે રાહુલ ગાંધી ઉઠ્યા છે. વિચારધારા એ વસ્ત્ર નથી, એ રગોમાં હોવી જોઈએ. અમે ઝુકવાના નથી, એકાદ મિત્રો છોડી જાય એ યોગ્ય નથી. ગુજરાત કોંગ્રેસ વિરોધી છે એ બોલવું યોગ્ય નથી. આગામી ૨૨મી મેના રોજ વાવ ખાતે સર્વ જ્ઞાતિ સંમેલન યોજીશું.

## આસામમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદ અને પૂરના કારણે લાખો લોકો પ્રભાવિત

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગે પૂર્વોત્તર રાજ્યો માટે યલો એલર્ટ કરતાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુંછે. આસામમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદ અને પૂરના કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે. ત્રિપુરા, મિઝોરમ અને મણિપુરના પાડોશી રાજ્યોના ભાગોમાં સ્થિતિ ખરાબ છે, જેના કારણે હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો માટે એલર્ટ જાહેર કર્યુ છે.

આસામમાં પૂરની સ્થિતિ વધુ વણસી હતી અને તેના કારણે અન્ય એક વ્યક્તિનું મોત થયું હતું. રાજ્યના ૨૭ જિલ્લાઓ અને અહીં રહેતા લગભગ ૭.૧૮ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના દૈનિક પૂર અહેવાલ મુજબ, નાગાંવ જિલ્લાના કામપુર રેવન્યુ વિસ્તારમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ સિવાય કામપુરમાં વધુ બે લોકો ગુમ હોવાનું કહેવાય છે. આ સાથે આ વર્ષે રાજયમાં પૂર અને ભૂસ્ખલનના કારણે મૃત્યુઆંક વધીને દસ થઈ ગયો છે, એમ અહેવાલમાં જણાવાયું છે. પરિસ્થિતિને જોતા, હવામાન વિભાગે ૨૧ મેના રોજ રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે.

હવામાન વિભાગે મેઘાલયમાં પણ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ એલર્ટ ૨૧ મે સુધી જારી કરવામાં આવ્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર, ભારે વરસાદની સ્થિતિ છે જેના માટે તેમણે નાગરિકોને ચેતવણી આપી છે. વિભાગે મેઘાલયના મોટાભાગના જિલ્લાઓમાં દરરોજ ૧૦૦ મીમીથી વધુ વરસાદની આગાહી કરી છે. તાપમાનની વાત કરીએ તો રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સુધી રહી શકે છે.

અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી તબાહી મચી ગઈ છે. રાજધાની ઈટાનગરમાં વરસાદના કારણે ગત દિવસે ભૂસ્ખલન જોવા મળ્યું હતું, જેમાં ૪ લોકોના મોત થયા છે અને ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હવે હવામાન વિભાગે શનિવાર સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આજે રાજયના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહી શકે છે.

મણિપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા ભારે વરસાદ સહિત ભૂસ્ખલનને કારણે જનજીવન સંપૂર્ણપણે પ્રભાવિત થયું છે. રાજ્ય સરકારે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે તેઓ સમસ્યાઓનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. હવામાન વિભાગે શનિવાર સુધી યલો એલર્ટ જાહેર કર્યું છે. પૂર અને ભૂસ્ખલનને કારણે બેઈલી બ્રિજ તૂટી પડ્યો, જેના કારણે ઈમ્ફાલ જીરીબામ હાઈવે તૂટી ગયો છે. હવામાન વિભાગે પૂર્વોત્તરમાં ત્રિપુરા, નાગાલેન્ડ અને મિઝોરમ માટે શનિવાર સુધી યલો એલર્ટ જાહેર કર્યું છે.

## જામનગર ઈકોનોમીક કોરીડોરના સાંચોર-સાંતલપૂરના ૧૨૫ કિ.મી માર્ગની ૬ લેન નિર્માણ કામગીરીનું સ્થળ નિરીક્ષણ મુખ્યમંત્રીએ કર્યુ

પાટણ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત સરકારની ભારતમાલા પરિયોજના અંતર્ગત રાજસ્થાનના સાંચોરથી ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપૂર માર્ગના ૬ લેન રૂપાંતરણ કામગીરીની નિરીક્ષણ મુલાકાત બનાસકાંઠાના થરાદ ખાતે લીધી હતી. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડીયા અંદાજે ૧૨૫ કિ.મી ની લંબાઈનો આ માર્ગ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે તરીકે ૬ લેન રોડ દ્વારા નિર્માણ કરી રહી છે.

કેન્દ્ર સરકારના સડક પરિવહન મંત્રાલય દ્વારા ભારતમાલા પરિયોજના અન્વયે અમૃતસર-જામનગર વચ્ચે આશરે ૧૨૫૬ કિ.મીટરનો ઈકોનોમીક કોરિડોર નિર્માણ થવાનો છે. આ સાંચોર-સાંતલપૂર વચ્ચેનો ૧૨૫ કિ.મી માર્ગ તે ઈકોનોમીક કોરિડોરના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે ૪ પેકેજમાં કુલ રૂ. ૨૦૩૦.૪૪ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે. પ્રત્યેક પેકેજમાં ૩૦ કિ.મી નો માર્ગ અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૬ લેન તરીકે કાર્યરત કરવાની કામગીરી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા તબક્કાવાર હાથ ધરીને ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ રાખવામાં આવેલો છે. ભારતમાલા પ્રોજેક્ટનો ઉદેશ દેશના ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોની પૂર્વ ક્ષેત્રના વિસ્તારો સાથે કનેક્ટીવીટી વધારવાનો છે. એટલું જ નહિ, જામનગર, કંડલા અને મૂંદ્રા જેવા પોર્ટસ પરથી ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોને વિવિધ ઉત્પાદનોની આયાત-નિકાસની વૈશ્વિક સુવિધા પણ આ પ્રોજેક્ટથી આપવાની નેમ રાખવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સવારે થરાદ નજીક આ ૬ લેન માર્ગ નિર્માણ સાઈટની મુલાકાત બનાસકાંઠાના પ્રભારી મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી અને પૂર્વમંત્રી શ્રી રજનીભાઈ પટેલ તથા બનાસકાંઠા જિલ્લા વહિવટી તંત્ર અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડીયાના વરિષ્ઠ અધિકારીઓને સાથે રાખીને લીધી હતી અને વિગતો મેળવી હતી.

## ગુજરાતમાં ગરમીના વધુ એક રાઉન્ડની આગાહી કરવામાં આવી



અમદાવાદ,

દેશના અનેક ભાગોમાં ચોમાસું આવી ગયુ છે, જેને કારણે વાતાવરણમા ગરમીનો પારો ઓછો થયો છે. ગુજરાતમાં હવે રાત પડ્યે ઠંડો પવન અનુભવાય છે. પરંતુ હવે ગરમી જતી રહી તેવુ માનતા હશો તો તમે ખોટા છો. કારણ કે, ગુજરાતમાં ગરમીના વધુ એક રાઉન્ડની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં મે મહિનાના અંત સુધી કાળઝાળ ગરમી પડશે. અમદાવાદ અને ગાંધીનગરમાં હિટવેવની આગાહી કરવામા આવી છે. આવામાં ગરમીનો પારો ૪૬ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. ત્યારે હવામાન ખાતાના અપડેટ મુજબ, ૧૦થી ૧૫ જૂન વચ્ચે રાજ્યમાં ચોમાસાનું આગમન થશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૩ દિવસમાં અમદાવાદ સહિત ગાંધીનગર તથા સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર અને કચ્છમાં હિટવેવની સંભાવના છે. જે જોતા અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, કચ્છમાં આગામી ૨૦થી ૨૨ મે સુધી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના ૧૦ શહેરોમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર રહ્યો હતો. જેમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૩.૭ ડિગ્રી, અમદાવાદમાં ૪૩.૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૩ ડિગ્રી, રાજકોટમાં ૪૨.૯ ડિગ્રી, અમરેલીમાં ૪૨.૮ ડિગ્રી, ભુજમાં ૪૨.૪ ડિગ્રી અને વડોદરામાં ૪૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં જૂનના પ્રારંભે જ પ્રિ-મોન્સૂન એક્ટિવિટીનો પ્રારંભ થઈ જશે. જો કે કચ્છને જૂનના અંત સુધી ચોમાસાની રાહ જોવી પડશે.

## ૬ રાજ્યો પર ૭૫૦૦૦ કરોડનું દેવું, લેણાંની ચુકવણી કરો નહીં તો વીજ પુરવઠામાં ગંભીર સમસ્યા સર્જાશે : ઉર્જા સચિવ

નવીદિલ્હી,

દેશના કેટલાક રાજ્યોમાં ચાલી રહેલી વીજ કટોકટી વચ્ચે કેન્દ્ર સરકારે એવા રાજ્યોને ચેતવણી આપી છે કે જેઓએ વીજ ઉત્પાદન કંપનીઓ અને કોલસા કંપનીઓને નાણાં ચૂકવવાના બાકી છે. કેન્દ્રીય ઉર્જા સચિવે છ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે જેના પર વીજ કંપનીઓ પાસે સૌથી વધુ લેણું છે. પત્રમાં ઉર્જા સચિવે આ રાજ્યોને વહેલી તકે વીજ ઉત્પાદન કંપનીઓના લેણાંની ચુકવણી કરવા જણાવ્યું છે.

ઉર્જા સચિવે કહ્યું કે જો આમ નહીં થાય તો આ રાજ્યોમાં વીજ પુરવઠામાં ગંભીર સમસ્યા સર્જાઈ શકે છે. એનર્જી સેક્રેટરીના જણાવ્યા અનુસાર, પાવર કંપનીઓ અને કોલસા કંપનીઓના લેણાંની ચુકવણી કરવાની જવાબદારી રાજ્ય સરકારોની છે.

આ છ રાજ્યો પર કુલ ૭૫૦૦૦ કરોડ રૂપિયાનું બાકી છે, જેમાંથી તમિલનાડુ સૌથી વધુ લેણાં છે. રાજ્યને વીજ ઉત્પાદન કંપનીઓના રૂ. ૨૦,૮૪૨ કરોડ જ્યારે કોલ ઈન્ડિયા લિમિટેડના રૂ. ૭૨૯ કરોડનું દેવું છે. આ પછી મહારાષ્ટ્રનો નંબર આવે છે. મહારાષ્ટ્રને વીજ ઉત્પાદન કંપનીઓના રૂ. ૧૮,૦૧૪ કરોડ અને કોલ ઈન્ડિયા લિમિટેડના રૂ. ૨૫૭૩ કરોડ દેવાના બાકી છે.

આ ઉપરાંત રાજસ્થાન સરકાર પર વીજ કંપનીઓના રૂ. ૧૧,૧૭૬ કરોડ અને કોલસા કંપનીના રૂ. ૩૦૭ કરોડ દેવાના બાકી છે. ઉત્તર પ્રદેશે વીજ કંપનીઓના રૂ. ૯,૩૭૨ કરોડ અને કોલસા કંપનીઓના રૂ. ૩૧૯ કરોડ દેવાના બાકી છે. એ જ રીતે જમ્મુ અને કાશ્મીર પર રૂ. ૭,૨૭૫ કરોડ અને મધ્યપ્રદેશ પર રૂ. ૫૦૩૦ કરોડનું દેવું છે.

## કાશ્મીરના કુપવાડામાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ, સેનાએ એક આતંકીને ઠાર કર્યો

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સુરક્ષા દળો સરહદ પારથી થતી દરેક ઘૂસણખોરી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. આ દરમિયાન ભારતીય સેના દ્વારા આવો જ એક પ્રયાસ ફરી નિષ્ફળ કરવામાં આવ્યો છે. જમ્મુ-કાશ્મીરના કુપવાડાના તંગધાર વિસ્તારમાં આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ સેનાના જવાનોની તત્પરતાના કારણે આ શક્ય બન્યું નહીં. હાલ ઓપરેશન ચાલુ છે.

કહેવામાં આવી રહ્યું છે કે, ઘૂસણખોરીના પ્રયાસ દરમિયાન સેનાના જવાનોએ આતંકીઓ પર ગોળીબાર કર્યો અને એક આતંકીને ઠાર કર્યો. જો કે કેટલા આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા તે સ્પષ્ટ નથી. સેનાના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક મહિનામાં ઘૂસણખોરીની ઘટનાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે, જયારે આતંકવાદીઓએ ગમે તેટલી વખત આવા પ્રયાસો કર્યા છે, તેને નિષ્ફળ કરવામાં આવ્યા છે. કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સેનાનું ઓપરેશન સતત ચાલુ છે.

અગાઉ, સેના વતી, એક વરિષ્ઠ અધિકારીએ ઘૂસણખોરી વિશે કહ્યું હતું કે ભારતીય સૈનિકો ઘૂસણખોરીના કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે નિયંત્રણ રેખા (એલઓસી) પર સંપૂર્ણ રીતે સતર્ક છે. જનરલ ઓફિસર કમાન્ડિંગ,૧૬મી કોર્પ્સ, લેફ્ટનન્ટ જનરલ મનજિંદર સિંઘે ૨૦૨૨-૨૦૨૩ માટે સ્પોર્ટ્સ કેલેન્ડર જાહેર કરવાના પ્રસંગે કહ્યું હતું કે, એલઓસી પર તૈનાત અમારા સૈનિકો સંપૂર્ણ એલર્ટ પર છે. જો દુશ્મન ઘૂસણખોરીનો કોઈ પ્રયાસ કરશે તો અમે તેને ૧૦૦ ટકા નિષ્ફળ બનાવીશું.

## CBIએ રાજદ નેતા લાલુ યાદવ અને પુત્રી મીસાની સામે નવો ભ્રષ્ટાચારનો કેસ કર્યો

પટણા,

ચારા કૌભાંડ મામલે જમાનત પર બહાર આવેલા બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુપ્રસાદ યાદવની મુશ્કેલીઓમાં વધારો થયો છે. તેમની સાથે-સાથે તેમની પુત્રી પણ સીબીઆઇની ચપેટમાં આવી ગઈ છે. સીબીઆઇએ લાલુ પ્રસાદ રેલવેપ્રધાન હતા, ત્યારે તેમણે અને તેમની પુત્રીની સામે તેમના કાર્યકાળ દરમ્યાન ૨૦૦૪-૨૦૦૯ દરમ્યાન ભરતીઓમાં અનિયમિતતા માટે નવેસરથી કેસ નોંધ્યો છે.

ભ્રષ્ટાચારના આ મામલે કાર્યવાહી કરતાં સીબીઆઇની ટીમે પટણા સ્થિત લાલુના નિવાસ્થાન, તેમની



પુત્રી અને રાજ્યસભાની સભ્ય મિસા ભારતી સહિત તેમનાં ૧૫ અલગ-અલગ જગ્યાએ દરોડા પાડયા છે અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કૌભાંડ ત્યારનું છે, જ્યારે લાલુપ્રસાદ યાદવ યુપીએ સરકારમાં રેલવેપ્રધાન હતા. આ નવા કેસમાં સીબીઆઇએ આરોપ મૂક્યો હતો કે યાદવે અને તેમના પરિવારના સભ્યોએ રેલવેની નોકરી આપવામાં લાંચ સ્વરૂપે જમીન અને સંપત્તિ પ્રાપ્ત કરી હતી.૭૩ વર્ષીય ચારા કૌભાંડના ડોરંડા ટ્રેઝરી કૌભાંડના રૂ. ૧૩૯ કરોડના કેસમાં ઝારખંડ હાઈકોર્ટે ગયા મહિને ૨૨ એપ્રિલે જમાનત આપી હતી. જોકે CBI સ્પેશિયલ કોર્ટે ફેબ્રુઆરીમાં એ કેસમાં પાંચ વર્ષની જેલની સજા સંભળાવી હતી, તેમના રૂ. ૬૦ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. ટ્રેઝરી કૌભાંડ કેસ એ પાંચમું ચારા કૌભાંડ હતું, જેમાં યાદવને દોષી ગણવામાં આવ્યા હતા.

રાજદના વરિષ્ઠ નેતા આલોક મહેતાએ કહ્યું હતું કે આ વિપક્ષને ખતમ કરવાના પ્રયાસ છે, આ મામલામાં કોઈ આધાર નથી. એ ટીકા-ટિપ્પણને ચૂપ કરાવવાનો પ્રયાસ છે.જયારે રાજદના કાર્યકરોએ દરોડાની કાર્યવાહી સામે વિરોધ કર્યો હતો અને ધરણા કર્યા હતાં.

આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ હાલમાં જ ઘાસચારા કૌભાંડ કેસમાં જેલમાંથી જામીન પર મુક્ત થયા હતા. લાલુ યાદવ હાલ દિલ્હીમાં પુત્રી મીસા ભારતીના ઘરે રહે છે. રાબડી દેવી પટનામાં તેમના ઘરે છે. માનવામાં આવે છે કે સીબીઆઈના દરોડા બાદ લાલુ યાદવની પત્ની રાબડીની મુશ્કેલીઓ વધી શકે છે.

## બાંગ્લાદેશ જઈ રહેલુ ભારતીય જહાજ દરિયામાં ડૂબી ગયું કરોડો રૂપિયાના ઘઉં પાણીમાં ગયા

નવીદિલ્હી,

ભારતમાંથી ઘઉં લઈને બાંગ્લાદેશ જઈ રહેલુ માલવાહક જહાજ ડૂબી ગયું છે. આ ઘટના ત્યારે થઈ જયારે માલવાહક જહાજ બંગાળની ખાડી પાર કરતા મેઘના નદીમાં હતું. અહીં પાણીના ભારે મોજાની વચ્ચે તટિય બંધ સાથે ટકરાતા જહાજમાં તિરાડ પડી ગઈ હતી અને જહાજ પાણીમાં ઘુસી ગયું હતું. આ માલવાહક જહાજ ૧૬૦૦ ટન ઘઉ લઈને નારાયણગંજ નદી પોર્ટ તરફ જઈ રહ્યું હતું. અધિકારીઓએ આ અંગે જાણકારી આપી છે.

અહીં ઉલ્લેખનીય છે કે, માલવાહક જહાજ મંગળવારે ચટોગ્રામ પોર્ટના બહારના વિસ્તારમાં એક મોટા જહાજથી માલ લાદીને બહારના વિસ્તાર નારાયણગંજ નદી પોર્ટ તરફ જઈ રહ્યું હતું. અહીંથી ઘઉંને એક પ્રાઈવેટ લોટ બનાવતી ફેક્ટ્રીમાં પહોંચાડવાના હતા. બાંગ્લાદેશના



પરિવહન પ્રકોષ્ઠના સંયુક્ત સચિવ અતાઉલ કબીરે જણાવ્યું હતું કે, બધાં ઘઉં પાણીમાં ડૂબી ગયા છે. આ ઘઉં હવે પાછા મળે તેવી કોઈ આશા નથી.

અહીં ઉલ્લેખનીય છે કે, આ અગાઉ વિભાગના અધિકારીઓએ કહ્યું હતું કે, જહાજ સમગ્રપણે ડૂબ્યું નહોતું તે તટીય જિલ્લા લક્ષ્મીપુરના તિલાર ચાર વિસ્તારમાં એક સમુદ્ર તટ પર પહોંચી ગયું હતું. જહાજના શિપિંગ એજન્ટે જણાવ્યું હતું કે, એક તટબંધની ચપેટમાં આવ્યા બાદ જહાજની સામે હેચમાં એક તિરાડ પડી ગઈ હતી. જેને લઈને જહાજમાં ભારે માત્રામાં પાણી ઘુસી ગયું અને જહાજ માલ સાથે પાણીમાં ડૂબાઈ ગયું. કાર્ગોના અધિકારીઓએ માલની કિંમત વિ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, આ ઘઉંની કિંમત લગભગ ૬૬.૪ મિલિયન ટકા (૭,૫૮,૨૮૦.૭૦ અમેરિકી ડોલર ) હતી. બાંગ્લાદેશના ખાદ્યમંત્રી સાધના ચંદ્ર મજૂમદારે કહ્યું કે, એક ખાનગી બાંગ્લાદેશી કંપની ભઆરતમાંથી ઘઉં આયાત કરી રહી હતી. તેમણે કહ્યું કે, સંબંધિત અધિકારીઓએ તેમને આ ઘટના માટે તપાસ કરવાના આદેશ આપ્યા છે. તેમણે કહ્યું કે, સ્વાભાવિક રીતે આ એક સાધારણ દુર્ઘટના છે. પણ અમે સંબંધિત અધિકારીઓને તપાસ માટે કહ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે, ભારતમાં ઘરેલૂ કિંમતોને કાબૂમાં કરવા માટે ભારત સરકારે ઘઉંની નિકાસ પર લગાવેલા પ્રતિબંધોથી ભારતીય ઘઉં પર નિર્ભર દેશોમાં ઘઉંની કમી અને કિમતોમાં વધારાની આશંકા દેખાઈ રહી છે. જો કે, મજૂમદારે કહ્યું કે, ભારતીય પ્રતિબંધ બાંગ્લાદેશ પર લાગૂ નથી થતાં. તેમણે કહ્યું કે, એટલા માટે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. વાણિજ્ય મંત્રી ટીપૂ મુંશીએ પહેલા પણ અફવાઓને ફગાદી દીધી હતી કે, ઘઉંની નિકાસ પર ભારતના પ્રતિબંધથી બાંગ્લાદેશ પ્રભાવિત થશે. તેમણે કહ્યું કે, ઘઉંના હાલના સ્ટોકને સ્થાનિક બજારમાં માગને પુરી કરવા માટે પુરતો સ્ટોક છે.

# મહીસાગર જિલ્લામાં ૨૧૯ સખીમંડળ જુથોને રૂા. ૨૪૩ લાખનું ધિરાણ કરવામાં આવ્યું

લુણાવાડા,

ગાંધીનગરની ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અને મહીસાગર–લુણાવાડાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા દિનદયાલ અંત્યોદય યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનસ્વસહાય જુથો માટે મહીસાગર જિલ્લાની સખી મંડળોને આર્થિક રીતે પગભર બનાવી બહેનોનું સશકિત કરણ કરવાના ભાગરૂપે આજે લુણાવાડા ૪૨ પાટીદાર સમાજ ઘર ખાતે જિલ્લાના ૨૧૯ સખી મંડળોને વિવિધ બેંકના ક્રેડીટ કેમ્પ દ્વારા મંજુર કરવામાં આવેલ રૂા. ૨૪૩ લાખના ધિરાણના ચેક રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોર, લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક અને મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લાની ૩૯૬ સખીમંડળોના જુથોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.જેને આગામી દિવસોમાં ધિરાણ કરવામાં આવશે.

ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોરએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સખીમંડળ દ્વારા ગામડાની બહેનોને પગભર બનાવી છે. તેમ જણાવી સખીમંડળ દ્વારા ગામડાની બહેનોના સુખના દિવસ આવ્યા છે, ગામડાની બહેનો મહેનત કરે છે. તેનું પરિણામ હવે મળ્યું છે બહેનો પગભર બની છે, પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ બને છે. બહેનો બેંક મિત્ર તરીકે ફરજ બજાવીને અન્ય મહિલાઓને પણ બેંક દ્વારા આપવામાં આવતી લોન અંગેની જાણકારી આપે છે અને ગામડાની મહિલાઓ હવે બેંકમાં જાય છે અને ધિરાણ મેળવે છે અને સ્વરોજગાર દ્વારા આવક મેળવે છે જે સરાહનીય બાબત હોવાનું કહ્યું હતું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોરએ મહિલાઓ સાચા અર્થમાં પગભર બની પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે તે માટે પંડિત દિનદયાલના સપનને સાકાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલ આ કાર્યથી પંડિત દિનદયાલ ઉપાદયાયનું અંત્યોદયના ઉત્થાનનું સપનું સાકાર થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું.

તેમણે વધુમાં બહેનોને નીતિ સાચી રાખી મહેનત કરશો તો સફળતા જરૂર મળશે તેમ જણાવી સખીમંડળની બહેનોને બેંક દ્વારા લોન આપવામાં આવે છે એટલે તમે પગભર બન્યા છો ત્યારે બેંક તમારે માટે મંદિર છે એટલે બેંકના હપ્તા પણ નિયમિત ભરવામાં આવશે એવી આશા વ્યકત કરી બહેનો તેમના જીવનમાં સફળતાના શિખરો સર કરી પ્રગતિના સોપાનો સર કરતી રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘદ્રષ્ટીના કારણે જે તે સમયે શરૂ કરવામાં આવેલ સખીમંડળોના કારણે આજે ગામડાની બહેનોના ખુશાલીના દિવસો આવ્યા છે, બેંકના સહયોગથી સખીમંડળના બહેનોનું સાચા અર્થમાં સશકિતકરણ થયું હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથોને સામૂહિક ધિરાણ વિતરણની સાથે બેન્ક સખીઅને સ્વયસહાય જૂથોનું મંત્રી કુબેરભાઈ ડીંડોર, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જયારે સ્વસહાય જૂથની મહિલાઓએ તેમના પ્રતિભાવો વ્યકત કરતાં સખી મંડળમાં જોડાયા બાદ પોતે પગભર બનવાની સાથે પોતાના કુટુંબને હવે આર્થિક રીતે મદદરૂપ બની રહ્યા હોવાનું જણાવ્યું હતું.

સ્વરોજગાર તાલીમ સંસ્થાના નિયામક આર.કે. મકવાણાએ સખીમંડળો બહેનોનો જુસ્સો છે. બહેનોમાં જે શકિત છે. તેને પ્રારંભમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએ સૌનો આવકાર કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, નાબાર્ડના ડીડીએમ, લીડ બેન્કના મેનેજર, વિવિધ બેંકના મેનેજરઓ/ અધિકારીઓ, સખી મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ગીર ગામની ૩૨ વિઘા ખેતીની જમીનનો દસ્તાવેજ ન કરનાર ૫ શખ્સોની ધરપકડ

ગિરસોમનાથ,

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ગુંદરણ ગીર ગામની ૩૨ વિઘા ખેતીની જમીનનો સોદો કરી સાટા કરાર કરી રૂપિયા ૮૦ લાખની રકમ લઈ લીધા બાદ દસ્તાવેજ કરવાનો ઈક્રાર કરી દીધેલ અને રકમ પણ પરત ન આપતા હોવા અંગે ખરીદનારે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તાલાલા પોલીસે ગુનો નોંધી પાંચ શખ્સોની ધરપકડ કરતા ચકચાર ફેલાયેલ છે. આ બનાવ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ તાલાલા તાલુકાના ગુંદરણ ગીર ગામના અલગ-અલગ સર્વે નંબરની કુલ ૩૨ વિઘા જમીનનો વેચાણ સોદો થયેલ હતો.

જેમાં પ્રતિ એક વીઘા જમીનના રૂ.૭ લાખ ૧૧ હજાર લેખે નક્કી થયા મુજબ કુલ રૂ.૨ કરોડ ૨૭ લાખમાં સોદો કરી નોટરી કરાર કરી રૂ.૮૦ લાખની રકમ જમીનના સોદા પેટે ટોકન લીધેલ હતુ. ત્યારબાદ આ જમીનનો દસ્તાવેજ કરી આપવા અંગે વેચાણકર્તાઓ આનાકાની કરી રહ્યા હોવાથી નોટરી કરારની મુદત વિતાવી દીધી હતી. બાદમાં જમીનનો દસ્તાવેજ કરવા ઈનકાર કરી દીધેલ અને સોદા પેટે ટોકનરૂપે લીધેલ રૂ.૮૦ લાખની રકમ પરત આપવાનો પણ ઈનકાર કરી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

જેથી આ ૩૨ વિઘા જમીન ખરીદનાર સુત્રાપાડાના હરિભાઈ રણધીરભાઈ બારડએ ઉપરોકત વિગતો સાથે પાંચ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા તાલાલા પોલીસે આઈપીસી કલમ ૪૦૯, ૪૨૦, ૧૨૦ મુજબ ગુનો દાખલ નોંધી તપાસ હાથ ધરી છે. જેના આધારે પોલીસે આરોપીઓ રામભાઈ ભગવાન કરમટા, કાળુ ભગવાન કરમટા, લખમણ ભગવાન કરમટા ત્રણેય રહે.ગુંદરણ ગીર, દિવ્યેશ ભીમસી બારડ રહે.માધુપુર ગીર, મજીદ મહમદ ખદરાણી રહે.તાલાલા ગીર વાળાને ઝડપી લીધા હતા. આરોપીઓએ ગુંદરણ ગીર ગામની વેંચી નાખેલ ૩૨ વીઘા ખેતીની જમીનનું અન્ય લોકો સાથે પણ સાટાખત કર્યાનું પોલીસ ફરીયાદમાં જણાવ્યુ છે. જેથી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# જ્ઞાનવાપી મસ્જિદનો કેસ વારાણસી જિલ્લા મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ચાલશે, નમાઝ યથાવત રહેશે

વારાણસી,

સુપ્રિમ કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદ વિવાદનો કેસ સિવિલ જજથી પરત ખેંચી વારાણસી જિલ્લા મેજિસ્ટ્રેટને સોંપ્યો છે. આ સાથે સાથે કેસની સુનાવણી દરમિયાન મસ્જિદમાં નમાઝ પઢવાનો દેવાનો આદેશ યથાવત રહેશે. જિલ્લા મેજિસ્ટ્રેટે હિન્દુઓએ મસ્જિદ પર હક્કનો જે દાવો કર્યો તે દાવો યોગ્ય છે કે નહિ તે સૌથી પહેલા નક્કી કરવું પડશે. જ્ઞાનવાપી મસ્જિદની આગામી સુનાવણી સુપ્રિમ કોર્ટમાં જુલાઈમાં થશે.



જ્ઞાનવાપી મસ્જિદ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ મામલે કોર્ટે ત્રણ સૂચન આપ્યા છે. આ સાથે જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડે કહ્યુ કે જિલ્લા જજ પોતાના હિસાબે સુનાવણી કરે, કેમ કે તેઓ અનુભવી ન્યાયિક અધિકારી હોય છે. સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડ, જસ્ટિસ નરસિમ્હા અને જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ કરી રહી છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડે ત્રણ સૂચન આપતા કહ્યુ કે અમે નિચલી કોર્ટને કહ્યુ કે મુસ્લિમ પક્ષના આવેદન પર જલ્દી સુનાવણી કરી ઉકેલ મેળવે. જ્યાં સુધી ટ્રાયલ કોર્ટ આ આવેદન પર નિર્ણય લે છે, ત્યાં સુધી અમારો વચગાળાનો આદેશ પ્રભાવી રહેશે. આ સાથે કહ્યુ કે અમે નિચલી કોર્ટને કોઈ ખાસ પ્રકારે કંઈ કરવાનુ કહી શકીએ નહીં. કેમ કે તેઓ પોતાના કામમાં માહિર છે. ત્યાં મસ્જિદ કમિટીએ કહ્યુ કે અત્યાર સુધી જે પણ આદેશ ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવ્યા છે તે માહોલ ખરાબ કરી શકે છે. આની પર જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યુ કે આ મામલે બંને પક્ષોના અધિકારોને સીમિત કરશે. તમે કેસના મેરિટ પર વાત કરો.

સુપ્રીમ કોર્ટના ત્રણ સૂચનો આપ્યા છે તેમાં ૧. અમે આદેશ આપી શકીએ છીએ કે ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ ટ્રાયલ કોર્ટ અરજીનો નિકાલ કરે., ૨. અમે જે વચગાળાનો આદેશ જારી કર્યો છે તે ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ અરજીનો નિકાલ થવા સુધી જારી રહે.અને ૩. આ મામલાની જટિલતા અને સંવેદનશીલતાને જોતા અમારો વિચાર છે કે કેસની સુનાવણી જિલ્લા જજએ કરવી જોઈએ કેમ કે તેમની પાસે ૨૫ વર્ષનો અનુભવ છે. જિલ્લા જજના વિવેક પર પ્રશ્ન કરવા જોઈએ નહીં.સમાવેશ થાય છે

આ સાથે કોર્ટે મુસ્લિમ પક્ષને કહ્યુ કે અમે તમારા પક્ષમાં જ સૂચન કરી રહ્યા છીએ. જો ૧૯૯૧ના કાયદા હેઠળ કેસની માન્યતા નક્કી કરવામાં આવશે તો પાછી મુશ્કેલી ઉભી થશે. અમે ટ્રાયલ જજને કહી શકીએ નહીં કે તેઓ કમિશનના રિપોર્ટનુ શુ કરે, તેઓ પોતે સક્ષમ છે, કોર્ટ અમારા તમામ પક્ષો પાસેથી સૂચન ઈચ્છે છે કે અમારો વચગાળાનો આદેશ સૌ ના હિતમાં હોય.

બીજી તરફ જ્ઞાનવાપી મસ્જિદમાં આજે શુક્રવારની નમાજ પણ થઈ હતી જેને લઈને ત્યાં કડક સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી, ત્યાં ભીડ ખૂબ વધી ગઈ હતી. આ દરમિયાન અલ્હાબાદ હાઈકોર્ટમાં પણ જ્ઞાનવાપી સાથે જોડાયેલા મુદ્દે સુનાવણી થઈ, જેમાં ૬ જુલાઈ સુધી ટાળી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સમગ્ર કેસને પાછો જિલ્લા જજ પાસે ટ્રાંસફર કરી દીધો છે. કોર્ટે કહ્યું કે જિલ્લા જજ જ વજૂ માટે વ્યવસ્થા કરે. કોર્ટે આદેશ આપ્યો કે નમાજમાં કોઈ વિઘ્ન ન આવવું જોઈએ. મુસ્લિમ પક્ષના મામલાને ઝડપથી સાંભળવામાં આવે. અહમદીએ કહ્યું કે પૂજા સ્થળના ધાર્મિક ચરિત્રને બદલવા પર સ્પષ્ટરૂપથી પ્રતિબંધ છે. આયોગની રચના કેમ કરવામાં આવી હતી? એ જોવાનું હતુ કે ત્યાં શુ હતુ?

જસ્ટિસ ચંદ્રચૂડ- કોઈપણ સ્થળના ધાર્મિક ચરિત્ર વિશે શોધવું વર્જિત નથી. માની લો કે કોઈ અગિયારી છે અને તેના બીજા ભાગમાં ક્રોસ છે. શું અગિયારીની ઉપસ્થિતિ ક્રોસને અગિયારી બનાવે છે? આ ક્રોસની ઉપસ્થિતિ અગિયારીને ઈસાઈનું સ્થાન બતાવે છે? ઈસાઈ ધર્મના એક લેખની ઉપસ્થિતિ તેને ઈસાઈ નહી બનાવે અને પારસીની ઉપસ્થિતિ તેને આમ નહી બનાવશે. શું ટ્રાયલ જજ અધિકાર ક્ષેત્રની બહાર જતા રહ્યા અને શું રિપોર્ટ લીક થયો હતો. આ અલગ-અલગ મુદ્દા છે. અમે પછીથી જોઈશું.કોર્ટમાં ભારે ભીડ જામી હતી જેને કારણે દરવાજા બંધ કરવામાં આવ્યા હતાં.

# પેગાસસ મામલે તપાસ કરી રહેલી કમિટીનો કાર્યકાળ લંબાયો

નવીદિલ્હી,

પેગાસસ જાસૂસી કેસ મામલે આજ રોજ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણીમાં કોર્ટે આ કેસની તપાસ કરી રહેલી ટેક્નિકલ કમિટીનો કાર્યકાળ ૪ સપ્તાહ માટે લંબાવી દીધો છે. કમિટીએ પોતે જ તપાસ માટે વધારે સમયની માગણી કરી હતી. બાદમાં સુપ્રીમ કોર્ટે પેગાસસ કેસની તપાસ કરી રહેલી જસ્ટિસ રવીંદ્રન સમિતિનો કાર્યકાળ ૪ સપ્તાહ માટે લંબાવી દીધો છે.

પેગાસસ મામલે ઝત્નૈં જસ્ટિસ એનવી રમણા, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ હિમા કોહલીની બેંચમાં સુનાવણી થઈ હતી. સુનાવણી શરૂ થઈ એટલે સીજેઆઈએ ટેક્નિકલ કમિટીના રિપોર્ટ અંગે જણાવ્યું કે, કમિટીએ અનેક ટેક્નિકલ મુદ્દે તપાસ કરી છે. તપાસ દરમિયાન કમિટીને ૨૯ ઉપકરણો અને કેટલાક પુરાવાની તપાસ અને વધુ પુછપરછ માટે કહેવામાં આવ્યું.તપાસ કમિટીએ અમુક મુદ્દે જનતાનો મત પણ માગ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાનું મંતવ્ય મોકલી આપ્યું હતું. જોકે કેટલીક નિષ્ણાંત એજન્સીઓના મતની રાહ જોવાઈ રહી છે. હવે પીઠે રિટાયર્ડ જસ્ટિસ આરવી રવીંદ્રનની અધ્યક્ષતાવાળી કમિટીને ૪ સપ્તાહમાં અંતિમ રિપોર્ટ દાખલ કરવા માટે કહ્યું છે. ચીફ જસ્ટિસે જણાવ્યું કે, ટેક્નિકલ કમિટી મેના અંત સુધીમાં ફાઈનલ રિપોર્ટ તૈયાર કરીને જસ્ટિસ રવીંદ્રનને સોંપશે. ત્યાર બાદ આગામી એક મહિનામાં એટલે કે, ૨૦મી જૂન સુધીમાં જસ્ટિસ રવીંદ્રન પોતાનો ફાઈનલ રિપોર્ટ કોર્ટને સોંપી દેશે અને જુલાઈમાં સુનાવણી થશે.

# આમ્રપાલી ગ્રૂપના ઠેકાણાઓ પર દરોડા, ૨૩૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો કેસ નોંધાયો

નવીદિલ્હી,

સીબીઆઈએ રિયલ એસ્ટેટ ડેવલપર આમ્રપાલી લીઝર વેલી ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડાયરેક્ટર અનિલ શર્મા સહિત અન્ય સામે કેસ નોંધ્યો છે. સીબીઆઈએ આ કાર્યવાહી બિલ્ડરના નોઈડા, બિહાર, ઝારખંડ, દિલ્હી સહિત લગભગ ૨૯ સ્થળોએ કરી છે. આ એફઆઈઆર બેંક ઓફ મહારાષ્ટ્ર અને આંધ્રા બેંકમાંથી ૨૩૦ કરોડ રૂપિયા કરતા વધારેની કથિત છેતરપિંડી મામલે નોંધવામાં આવી છે. અધિકારીઓએ શુક્રવારે આ જાણકારી આપી છે.

સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆરમાં આરોપ છે કે બેંકોએ ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં ટેક ઝોનમાં ૧.૦૬ લાખ વર્ગ મીટરના પ્લોટ પર એક આવાસ ભવન વિકસિત કરવા માટે ક્રેડિટ સુવિધાઓને મંજૂરી આપી હતી પરંતુ કંપની નાણાકીય શિસ્તને જાળવી રાખવામાં નિષ્ફળ સાબિત થયા. આના કારણે ૩૧ માર્ચ ૨૦૧૭એ ખાતામાં બિન-કાર્યક્ષમ સંપત્તિ જાહેર કરી દેવાઈ.

આમ્રપાલી ગ્રૂપની રિયલ એસ્ટેટ કંપનીઓએ મોટા પાયે ફંડ ડાયવર્જન કર્યા છે. આ વાત તપાસમાં સામે આવી ચૂકી છે. તેથી આ સંદર્ભે સુપ્રીમ કોર્ટ અને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ આમ્રપાલી ગ્રૂપની કંપનીઓને નાદાર જાહેર કરીને ડાયરેક્ટરની સંપત્તિઓ જપ્ત કરી ચૂક્યા છે. લગભગ ૩૦,૦૦૦ ફ્લેટોનુ નિર્માણ સુપ્રીમ કોર્ટની દેખરેખમાં નેશનલ બિલ્ડિંગ કંન્સ્ટ્રક્શન કોર્પોરેશન કરી રહ્યુ છે.

## આપની આજ.......

મેષ : વ્યવસાયિક દષ્ટિથી સમય અનુકૂળ છે. રોકાણને લગતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ પણ સફળ થશે. લગ્નજીવન સુખમય રહેશે. દરેક કામને યોજનાબદ્ધ રીતે કરવું તથા એકાગ્રચિત્ત રહેવું તમને સફળતા પ્રદાન કરશે.

વૃષભ : આજે તમે આકરી મહેનત તથા આત્મવિશ્વાસ દ્વારા તમારા કાર્યોમાં ધ્યાન લગાવશો. કારખાના, ફેક્ટ્રી વગેરે લોખંડને લગતા વ્યવસાયમાં લાભદાયક પરિસ્થિતિઓ બનશે તથા સારા ઓર્ડર પણ મળશે.

મિથુન : વ્યવસાયિક કાર્યો માટે ઉધાર કે લોન લેતી સમયે ફરી વિચાર કરો. સર્વાઈકલ તથા ખભાનો દુખાવો પરેશાન કરી શકે છે. તમારા મુશ્કેલ સમયમાં જીવનસાથીનો ભરપૂર સહયોગ મળશે.

કર્ક : બેદરકારી અને મોડું કરવાથી કોઈ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

સિંહ : કોઈપણ જોખમી કાર્યમાં આજે બિલકુલ પણ પોતાનું ધ્યાન ન લગાવો. લોકો સાથે હળવા-મળવામાં વધારે ધ્યાન આપો. સ્વાસ્થ્ય સારું રહેશે. આ સમેય કોઈપણ કાર્યને ઉતાવળની જગ્યાએ ધૈર્ય પૂર્વક કરો.

કન્યા : મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઈ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો. વાહન ચલાવતી સમયે બેદરકારી ન રાખો.

તુલા : કોઈ નજીકના સંબંધી સાથે તમારી જ કોઈ જિદના કારણે સંબંધ ખરાબ થઈ શકે છે. પતિ-પત્ની વચ્ચે ઈગોને લઈને કોઈ વિવાદ થઈ શકે છે. તમે તમારી સમજણ દ્વારા કોઈ મુંઝવણનું સમાધાન મેળવવામાં પણ સક્ષમ રહેશો.

વૃશ્ચિક : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

ધનુ : સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઈ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

મકર : એક વાતનું ધ્યાન રાખવું કે કોઈના ઉપર પણ વધારે વિશ્વાસ કરવો નહીં. વ્યવસાયમાં વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. આ સમય કોઈ નવું કામ પ્લાનિંગ સાથે કરવું તથા પોઝિટિવ વિચારો રાખવા. પારિવારિક વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે.

કુંભ : પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઈ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

મીન : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

# ભાજપના કાર્યકર હોવાના નાતે આપણને શાંતિથી બેસવાનો કોઈ હક નથી, કોઈ અધિકાર નથી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

જયપુર,

રાજસ્થાનના જયપુરમાં ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓની બેઠકના બીજા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાજપના નેતાઓને વર્ચ્યુઅલી સંબોધન કર્યું. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે દુનિયા આજે ભારત તરફ ખુબ આશાઓ સાથે જોઈ રહી છે. બરાબર એ જ રીતે ભારતમાં ભાજપ પ્રત્યે જનતાનો એક વિશેષ સ્નેહ છે. દેશની જનતા ભાજપ પ્રત્યે ખુબ આશાથી જુએ છે.




પીએમ મોદીએ કહ્યું કે દેશની જનતાની આ આકાંક્ષાઓ-આશાઓ આપણી જવાબદારી વધારે છે. આઝાદીના આ અમૃત કામમાં દેશ પોતાના માટે આગામી ૨૫ વર્ષ માટે લક્ષ્યાંક નક્કી કરી રહ્યો છે. ભાજપ માટે આગામી ૨૫ વર્ષના લક્ષ્યાંકો નક્કી કરવાનો, નિરંતર કામ કરવાનો આ જ સમય છે.

પીએમ મોદીએ કહ્યું કે જનસંઘથી અમારી જે મુસાફરી શરૂ થઈ અને ભાજપ તરીકે આગળ વધી, પાર્ટીના આ સ્વરૂપને તેના વિસ્તારને જોઈને ગર્વ તો થાય જ છે સાથે સાથે તેના નિર્માણમાં પોતાને ખપવાની દેનાર પાર્ટીની તમામ વિભૂતિઓને પણ હું આજે નમન કરું છું. તેમણે કહ્યું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો એકાત્મ માનવવાદ અને અંત્યોદય આપણું દર્શન છે, ડોક્ટર શ્યામા પ્રસાદ મુખરજીની સાંસ્કૃતિક રાષ્ટ્રનીતિ આપણું ચિંતન છે અને 'બધાનો સાથ, બધાનો વિકાસ, બધાનો વિશ્વાસઅને બધાનો પ્રયાસ' એ આપણો મંત્ર છે.

અગાઉની સરકારો પર આકરા પ્રહારો કરતા પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં એક લાંબો સમયગાળો એવો રહ્યો કે જ્યારે લોકોની સોચ એવી બની ગઈ હતી કે બસ ગમે તેમ કરીને સમય કાઢી નાખવો. સરકાર તરફથી તેમને કોઈ અપેક્ષા નહતી કે ન તો સરકાર તેમના પ્રત્યે પોતાની જવાબદારી સમજતી હતી. ૨૦૧૪ બાદ ભાજપ દેશને આ સોચમાંથી બહાર કાઢી લાવ્યો છે. તેમણે કહ્યું કે હું દેશના ઉજ્જ્વળ ભવિષ્યને સારી રીતે જોઉ છું. જ્યારે હું આત્મવિશ્વાસથી ભરેલા દેશના યુવાઓને જોઉ છું, કંઈક કરી બતાડવાના જુસ્સા સાથે આગળ વધતી બહેન-દીકરીઓને જોઉ છું ત્યારે મારો આત્મવિશ્વાસ અનેકગણો વધી જાય છે.

પીએમ મોદીએ કહ્યું કે આઝાદીના આ અમૃતકાળમાં દેશ મોટા લક્ષ્યાંકો પર કામ કરી રહ્યો છે. ત્યારે આપણે પણ કેટલીક વધુ વાતો યાદ રાખવાની જરૂર છે. ભાજપના કાર્યકર હોવાના નાતે આપણને શાંતિથી બેસવાનો કોઈ હક નથી, કોઈ અધિકાર નથી. આપણે આરામ જ તો નથી કરવાનો. આજે પણ આપણે અધીર છીએ, બેચેન છીએ, આતુર છીએ કારણ કે આપણો મૂળ લક્ષ્ય ભારતને એ ઉંચાઈ પર પહોંચાડવાનો છે જેનું સપનું દેશની આઝાદી માટે ફના થઈ જનારાઓએ જોયું હતું.

પીએમએ કહ્યું કે આ મહિને કેન્દ્રની ભાજપ સરકારના, એનડીએ સરકારના ૮ વર્ષ પૂરાં થઈ રહ્યા છે. આ ૮ વર્ષ સંકલ્પના રહ્યા, સિદ્ધિઓના રહ્યા. આ ૮ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા. આ ૮ વર્ષ દેશના નાના ખેડૂતો, શ્રમિકો, મધ્યમ વર્ગની અપેક્ષાઓ પૂરા કરનારા રહ્યા. આ ૮ વર્ષ દેશના સંતુલિત વિકાસ, સામાજિક ન્યાય અને સામાજિક સુરક્ષા માટે રહ્યા. આ ૮ વર્ષ દેશની માતાઓ, બહેન દીકરીઓના સશક્તિકરણ, તેમની ગરીમા વધારવાના પ્રયત્નોના નામે રહ્યા. તેમણે કહ્યું કે આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ પોતાની આસપાસ લોકોને યોજનાઓનો લાભ મળતો જુએ છે. તે આજે ખુબ વિશ્વાસ સાથે કહે છે કે એક દિવસ મને પણ આ યોજનાનો લાભ જરૂરથી મળશે.

પીએમ મોદીએ વિકાસવાદ પર વાત કરતા કહ્યું કે જે એક અન્ય વિષય પર આપણે સતત કામ કરતા રહેવાનું છે તે છે દેશમાં ચારેબાજુ વિકાસવાદની રાજનીતિ સ્થપાવી જોઈએ. કોઈ પણ પક્ષ હોય તેને પણ વિકાસવાદની રાજનીતિ પર આવવા માટે મજબૂર કરવાના છે. આપણે આજે જોઈએ છીએ કે કેટલીક પાર્ટીઓની ઈકોસિસ્ટમ પૂરી શક્તિથી દેશના મુખ્ય મુદ્દાઓને ભટકાવવામાં લાગી છે. આપણે આવી પાર્ટીઓની જાળમાં ફસાવવાનું નથી. આપણે ક્યારેય શોર્ટકટ લેવાનો નથી. આપણે દેશહિત સાથે જોડાયેલા જે પણ પાયાના વિષયો છે ગરીબોનું કલ્યાણ, ગરીબનું જીવન સરળ બનાવવું, ગરીબને સશક્ત કરવા માટે આપણે સતત કામ કરવાનું છે.

પરિવારવાદનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આઝાદી બાદથી જ વંશવાદ અને પરિવારવાદે દેશને કેટલું ભયંકર નુકસાન કર્યું છે. પરિવારવાદી પાર્ટીઓએ દેશમાં ભ્રષ્ટાચાર, ધાંધલીને, ભાઈ ભત્રીજાવાદને, તેને આધાર બનાવીને દેશનો ઘણો કિંમત સમય બરબાદ કર્યો છે. આપણે યાદ રાખવાનું છે કે પરિવારવાદના રાજકારણથી વિશ્વાસઘાત ભોગવનારા દેશના યુવાઓનો વિશ્વાસ ફક્ત ભાજપ જ પાછો લાવી શકે છે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે નવી નેશનલ એજ્યુકેશન પોલીસીમાં સ્થાનિક ભાષાઓને મહત્વ આપવું,દરેક પ્રાંતીય ભાષાઓ પ્રત્યે અમારા કમિટમેન્ટને દર્શાવે છે.ભાજપ ભારતીયભાષાઓને ભારતીયતાનો આત્મા માને છે અને રાષ્ટ્રના ઉત્તમ ભવિષ્યની કડી ગણે છે.

# દાહોદ આવૃત્તિ



પંચમહાલ સમાચાર

## દાહોદ પાલિકાની સામાન્ય સભામાં વિરોધ પક્ષએ વોક આઉટ કર્યુ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગરપાલિકાની ત્રિ માસિક સામાન્ય સભા આજરોજ સેન્ટ્રલ વોટર્સ વર્કસ ખાતે યોજાઈ હતી. આ સામાન્ય અન્ય સ્થળ પર રાખવામાં આવી હોવાના વિરોધ સાથે વિરોધ પક્ષના નેતા દ્વારા વિરોધ દર્શાવ્યો હતો અને સ્થળ પરતું તુ....મે.....મે....ના દ્રશ્યો પણ સર્જાયાં હતાં અને વિરોધ દર્શાવી વિરોદ પક્ષના નેતાઓએ વોકઆઉટ કર્યું હતું. ગણતરીની મીટીનોમાં સામાન્ય સભા સમેટાઈ ગઈ હતી અને સ્માર્ટ સીટી અંતર્ગત નગરપાલિકા વિવિધ કામોને બહાલી આપી મંજુર કરવામાં આવ્યાં હતાં.

દાહોદ નગરપાલિકાની ત્રિ માસીક સામાન્ય સભા આજરોજ ગણતરીની મીનીટોમાં સમેટાઈ ગઈ હતી. આ સામાન્ય સભામાં સ્માર્ટ સીટી અંતર્ગત પાલિકાના વિવિધ કામો જેવા કે, વોટર સ્કાડા સીસ્ટમ (સ્માર્ટ સીટી), ૧૨ લાખ લીટર નવીન ટાંકી, ૨૦ લાખ લીટરના સંપ (સ્માર્ટ સીટી) નવીન પંપીંગ સેન્ટર, પેનલ રૂમ (સ્માર્ટ સીટી), પાટાડુંગરીથી આવતી લાઈન અને ફીલ્ડર પ્લાન્ટ રીનોવેશનના કામોને મંજુરી મળી હતી. સ્માર્ટ સીટીની ટીમ દ્વારા સદસ્યઓ સાથે બેઠકમાં જુદા જુદા વિસ્તારમાં પાણી સપ્લાય કઈ ટાંકીથી કેટલા વિસ્તાર તેમજ કેટલા સમય અને કયાં સમયે પાણીનો સપ્લાય બાબતની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. આવનાર સમયમાં દાહોદ નગરમાં દરરોજ પાણનો સપ્લાય આપવા બાબતે જે ખુટતી કડીઓ બાબતની વિસ્તૃત ચર્ચા થતાં આવનાર સમયમાં એ ખુટતી કડીઓ દુર કરવાના પ્રયાસ બાબતની પણ ચર્ચા કરવામાં આવી હતી. બીજી તરફ આ વખતે દાહોદ નગરપાલિકાની ત્રિમાસિક સમાન્ય સભા દાહોદના વિશ્રામગૃહની બાજુમાં આવેલ સેન્ટ્રલ વોટર્સ વર્કસ ખાતે યોજાતાં વિરોધ પક્ષના નેતા દ્વારા વિરોદ દર્શાવ્યો હતો અને સામાન્ય સભામાંથી વોક આઉટ કરી રવાના થયાં હતાં.

## દાહોદ જીલ્લામાં માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતાના બે બનાવોમાં બે વ્યક્તિઓના મોત નીપજયાંનું જયારે ત્રણ વ્યકિતઓને શરીરે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાયાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભુલર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૯મી મેના રોજ લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ગામે રહેતાં અશ્વિનકુમાર તેમની પત્નિ મોનીકાબેન તથા પુત્ર મિતેશભાઈ એમ એક દંપતિ એક મોટરસાઈકલ પર સવાર થઈ ભુલર ગામેથી પસાર થઈ રહ્યું હતું. આ દરમ્યાન એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અશ્વિનભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મોટરસાઈકલ પર સવાર ત્રણેય જણા જમીન પર ફંગોળાયાં હતાં જેને પગલે અશ્વિનભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળ પર મોત નીપજયું હતું જયારે તેમની પત્નિ મોનીકાબેન અને પુત્ર મિતેશને પણ શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ગામે રહેતાં જેસીંગભાઈ રૂપસીંગભાઈ ડાંગીએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના જાલત ગામે ખાન નદીના પુલ પાસે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૯મી મેના રોજ મધ્યપ્રદેશના રાણાપુર તાલુકામાં ધામનીમચના, પુજારા ફળિયામાં રહેતાં આશિષભાઈ કાળુભાઈ ડામોર અને ઈશ્વરભાઈ નાનુભાઈ ગુંડીયા એમ બંન્ને જણા મોટરસાઈકલ લઈ જાલત ગામેથી ખાન નદી પાસેથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મોટરસાઈકલને પાછળથી ટક્કર મારતાં મોટરસાઈકલની પાછળ બેઠેલ આશિષભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ નજીકમાં આવેલ ખાન નદીમાં પટકાતાં તેઓને મોત નીપજ્યું હતું જ્યારે ઈશ્વરભાઈને પણ ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે મધ્યપ્રદેશના રાણાપુર તાલુકાના ધામનીમચના, પુજારા ફળિયા ખાતે રહેતાં નાનસિંગભાઈ ખમસીંગભાઈ ડામોરે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભરઉનાળે પાણીની તકલીફ ના પડે તે માટે જિલ્લા ભાજપ પ્રમુખ સાથે ઉનાળામાં પાણીની સ્થિતિ અંગે જાતે જઈ મુલાકાત



દાહોદ,

ગુજરાત સરકાર દ્વારા સિંચાઈના પાણીની સુવિધા માટે દાહોદ જિલ્લાના તળાવમાં પૂરતું પાણી પહોંચાડવા માટે ''કડાણા જૂથ પાણી પુરવઠા યોજના'' અમલમાં કરવામાં આવી હતી. દાહોદ જિલ્લાના તળાવ સુધી પહોંચવા માટે પાંચ સ્ટેજમાં પંપીંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. જેથી પાણીને લિફ્ટ કરી આગળ મોકલવામાં આવે છે. જે અંતર્ગત ફતેપુરા તાલુકાના ગોથીબ ગામે આવેલ પંપીંગ સ્ટેશન ની મુલાકાત કરી. ત્યાંના જવાબદાર ઈજનેર દ્વારા માહિતી પણ મેળવી. અહીંના પંપીંગ સ્ટેશન માં કુલ ૭ વર્કીંગ પંપ+૧ સ્ટેન્ડબાય પંપ લાગેલા હતા અને એક પંપ ૨૨૦૦ કિલો વોટ નો હતો અને અંદાજે આ પંપીંગ સ્ટેશન માંથી આ પંપ દ્વારા ૬૬ લાખ લીટરની કેપેસિટ છે.

## ગરબાડાના પાટીયા ગામેથી દેશી તમંચા સાથે ઈસમ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટીયા ગામેથી પોલીસે એક ઈસમ પાસેથી દેશી હાથ બનાવટના તમંચા સાથે પોલીસે તેના ઝડપી પાડી તેની પાસેથી કુલ રૂ. ૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી મેના રોજ ગરબાડા પોલીસને મળેલ બાતમીના આધારે ગરબાડા તાલુકાના પાટીયા ગામે રહેતો વિપુલભાઈ દલસીંગભાઈ ભુરીયાના રહેણાંક વિસ્તારમાં ઓચિંતો છાપો મારી વિપુલભાઈને પોલીસે ઝડપી પાડી તેની અંગ ઝડતીમાંથી પોલીસે ગેરકાયદે પાસરમીટ બીન અધિકૃત દેશી હાથ બનાવટો તમંચો કિંમત રૂા. ૫,૦૦૦ તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૮,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ વિપુલભાઈને જેલના સળીયા પાછળ ધકેલી દઈ ગરબાડા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુર તાલુકાનું ગૌરવ વધારતા એમ.ડી. ડામોર



ધાનપુર,

દેવગઢ બારીયા ના ધાનપુર તાલુકાના ભીંડોલ ગામના વતની એવા એમ ડી.ડામોર એટલે કે મહેશભાઈ દિલવરસિંહ ડામોરે તાજેતરમાં આર.એફ.ઓ. કલાસ -૨ તરીકે પ્રમોશન મેળવી સમગ્ર તાલુકામાં એક આગવી ઓળખ ઉભી કરી છે. તેઓ સમગ્ર ધાનપુર તાલુકાના પ્રથમ આરએફઓ બનેલ છે. એક અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી આવા ઉચ્ચ અધિકારી બનીને ડામોરે આજની પેઢીને, ખાસ કરીને નવયુવાનો માટે એક સરસ ઉદાહરણ અને મોટીવેશન પૂરૂં પાડ્યું છે. હાલમાં તેમની નિમણૂંક આરએફઓ તરીકે ગોધરા વન વિભાગના પૂર્વ રેન્જમાં થયેલ છે. તેમની આ સિદ્ધિને સમગ્ર ગ્રામજનોએ, કુટુંબે અને તેમના સગા સંબંધીઓ સહિત સમગ્ર મિત્રોએ વધાવી લીધી છે.

## એકલવ્ય મોડેલ રેસિડેન્સ સ્કૂલમાં ભૂતવડ પ્રા.શાળા વજેલાવનું ગૌરવ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામની ભૂતવડ પ્રા. શાળા એકલવ્ય મોડેલ રેસિડેન્સ સ્કૂલમાં ધો.૬ના પ્રવેશ મેળવવા માટે ૩ કન્યાઓ મેરીટમાં આવી. ટેલેન્ટ પુલ શાળામાં પ્રવેશ મેળવશે. જેમાં ૧. કોચલા પુજા રમણભાઈ, ૨. ચૌહાણ સ્નેહલ રાકેશભાઈ, ૩. બારીયા હેત્વી મહેશભાઇ શાળામાં ગતવર્ષે ૧૦ બાળકો પાસ થાય હતાં. શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડા એ તમામ બાળકોને અભિનંદન પાઠવ્યા છે.

## દાહોદ જિલ્લા માટે ગર્વની વાત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ દૃષ્ટિ નેત્રાલય, ડો. શ્રેયા શાહ અને ડો મેહુલ શાહને ઓક્યુલર ટ્રોમાના ક્ષેત્રમાં ડો.શ્રેયા શાહ અને ડો. મેહુલ શાહના ઉત્કૃષ્ટ કાર્ય બદલ એર માર્શલ, ડો.એમ.એસ. બોપારાય એવોર્ડ મળ્યો હતો. તેથી જણાવતા આનંદ થાય છે કે, આપણા માનનીય એર માર્શલ ડો. એમ.એસ.બોપારાયે પોતે કરેલ સન્માન !!!

ઓક્યુલર ટ્રોમા સોસાયટી ઓફ ઈન્ડિયાની સ્થાપના એર માર્શલ ડો. એમ.એસ. બોપારાઈ, આર્મી ડોકટરોને ઓક્યુલર ટ્રોમાના વિસ્તાર પ્રત્યે સંવેદનશીલ બનાવવા. સંસ્થાનો ઉદ્દેશ્ય આંખની ઈજા થી સંબંધિત સામાન્ય ઉન્નતિ, શિક્ષણ, નિવારણ, સંચાલન અને સંશોધન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા અને ઉત્તેજીત કરવાનો છે. વર્ષોથી, સંસ્થાએ દેશભરના નેત્રરોગ ચિકિત્સકોને સામેલ કરવા માટે વિકસ્યું છે. જેઓ ડો. એમ.એસ. બોપરાયના માર્ગદર્શન હેઠળ આ હેતુ માટે પ્રયત્નશીલ છે. તેમના યોગદાનના સન્માનમાં, સમાજે એક ઓરેશન એવોર્ડ બનાવ્યો જે દર વર્ષે એક નેત્ર ચિકિત્સકને આ ક્ષેત્રમાં તેમના યોગદાનને ચિહ્નિત કરવા માટે એનાયત કરવામાં આવે છે. આ વર્ષે એવોર્ડ એનાયત કરવા માટે પસંદ કરાયેલા ડો. શ્રેયા શાહ અને ડો.મેહુલ શાહ.

## દાહોદ જીલ્લા BTP ની ચિંતન શિબિર યોજાઈ



દાહોદ,

દાહોદ જિલ્લામાં ભારતીય ટ્રાઈબલ પાર્ટી BTPની ચિંતન શિબિરનું આયોજનકરવામાં આવ્યું. BTP દાહોદ જિલ્લા પ્રમુખ દેવેન્દ્ર મેડાની અદયક્ષતામાં ડો.બાબા ભવન, રળીયાતી ખાતે મિટિંગ થઈ તેમાં BTTS જિલ્લા પ્રમુખ શૈલેષ મેડા હાજર રહ્યા તથા દાહોદ જિલ્લા BTP યુવા મોર્ચા પ્રમુખ મનસુખ કટારા, દાહોદ જિલ્લા સોશિયલ મીડિયા પ્રભારી, ક્રિષ્ના ચારેલ તથા તમામ તાલુકાના BTP, BTTS ના પ્રમુખો હોદ્દેદારો, સામાજિક કાર્યકર્તા હાજર રહ્યા અને જે દાહોદ ખાતે BTP, AAP ની પરિવર્તન યાત્રા દાહોદ આવાની હોવાથી તેની ચર્ચા કરવામાં આવી અને ૧૩૨ વિધાનસભાના પ્રભારી તરીકે પ્રકાશચંદ્ર મેડાને તમામ હોદ્દેદારની સહમતી થી નિમણુંક કરવામાં આવી.

## ગરબાડા ના નવા તરિયામાં આઈ ખોડીયાર ગાયત્રી માતા અને ચેહર માતાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડાના નવા તરિયાની પ્રાથમિક શાળાના પાસે રામનાથ તળાવના કિનારે ૨૦૨૦માં એક ભકત દ્વારા ખોડીયાર મંદિર બનાવવામાં આવ્યું હતું, પરંતુ જે તે સમયે આ મંદિરમાં ખોડિયાર માતાનો ફોટો મૂકી દેવામાં આવ્યો હતો. શાળાના સ્ટાફ દ્વારા આ મંદિરે રોજ દીવો અગરબત્તી કરવામાં આવતી હતી. જયારે હાલમાં તારીખ ૨૦ મીના રોજ આ મંદિરે આઈ ખોડીયાર માતા, ગાયત્રી માતા તથા ચેહર માતાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને જેને લઈને પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ૯ થી ૧૨ પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમ બાદ આરતી અને મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છેકે, ગરબાડામાં અત્યાર સુધીમાં ખોડલનું કોઈપણ મંદિર ના હતું. નવીન ખોડીયાર મંદિર બનતા ગ્રામજનો સહિત ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

## દે.બારીયા નગર પાલિકાના વોટર્સવર્ક શાખા દ્વારા અપાતું પીવાના દુષિત પાણીની સમસ્યાનું નિરાકરણ કોણ લાવશે...?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયામાં દુષિત પાણીની સમસ્યા થી ત્રસ્ત દે.બારીયા શહેરમાં નગર પાલિકા સેવા સદનના દ્વારા પાણી શાખાના વોટર્સવર્કના દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે. જે વર્ષો જુની સમસ્યા દુષિત પાણી મળતું હોવાની આમ જનતાનું કોઈપણ નગરના સભાસદો અથવા સેવા સદનના કર્મીઓ નિરાકરણ લાવતા નથી.

દે.બારીયા પાલિકાની સામાન્ય ચુંટણી થઈ ત્યારે કોંગ્રેસ પક્ષની બહુમતી સાબીત થતા બોડીની પર રચના થઈ હતી. ત્યારબાદ થોડા જ સમયમાં પક્ષ પલટો મારી અને લાખ્ખોની કથીત હોર્સ ટ્રેડીંગમાં ભાજપમાં જોડાઈ જઈ ભાજપની બોડી કાર્યરત છે. છેલ્લા પાંચ વર્ષ થવા આવ્યા પણ હાલમાં ડગમગી નથી. બે થી ત્રણવાર પક્ષ પલ્ટાના કાયદા મુજબ માનનિય હાઈકોર્ટમાં આ મામલે પીટીશનનો દાખલ કરવામાં આવી પણ ભાજપની બોડી પાંચ વર્ષ પુરા કરશે. તેમ છતાં વહીવટી તંત્ર અને વોર્ડ મેમ્બરોની ફરિયાદ કોઈપણ સાંભળવા રાજી નથી અને સતત શહેરની આમ જનતા દુષિત પાણી આપવામાં આવી રહ્યું છે શું ? વોટર્સ સપ્લાયસના ધંધાદારીઓ સાથે સાંઠગાંઠ તો નથી ને તેવુંઆમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. દુષિત પાણીની સમસ્યા પારેખ શેખી, ગલાબીયા કુવા, તાડ ફળીયા તથા જાની ફળીયા હાલમાં નવિન પાઈપ લાઈન બીછાવવામાં આવી છે. તેમાં પણ દુષિત પાણી પ્રથમમાં દુર્ગંધ મારતું કાળું ડ્રેનેજ મિશ્રીત હોય તેવું પીવાનું પાણી આપવામાં આવે છે. જેથી લાગતા વળગતા પદ અધિકારીઓ સૌ પ્રથમ જે ડુંગરની ટોચ ઉપર પાણી સંગ્રહ માટે ટાંકીની સાફ સફાઈ કરાવે ત્યારબાદ જે જુની પાણીની પાઈપો ચોકઅપ છે. તેને બદલવામાં આવે કયા કયા વિસ્તારોમાં દુષિત પાણી આવે છે. તેનું વોર્ડ મેમ્બરોને સાથે રાખી સર્વે થાય તે જરૂરી છે. આ મુજબ પાણી પુરવઠા વિભાગના કર્મીઓ કાર્ય નહીં કરે તો પાણી જન્ય રોગો કોલેરા, ઝાડા-ઉલ્ટીના કેસોમાં આમ જનતા સપડાઈ શકે છે. દુષિત પાણીનું નિરાકરણ લાવવું અત્યંત જરૂરી બની ગયું છે નહીં તો ભાજપ માટે કપરા ચઢાણ સાબિત પાલિકાની ચુંટણીમાં નવાઈ નહીં.

## ગોધરા શહેરના ભુરાવાવ ઓવરબ્રિજ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત : એક વ્યક્તિનું મોત

ગોધરા,

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાનાં પાદરડી ગામે રહેતા ભારતસિંહ પ્રતાપસિંહ બારીયા એ ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓનો ૨૫ વર્ષીય પુત્ર વિપુલ બારીયા ગોધરા ખાતે પ્લંબિંગના કામકાજ સાથે સંકળાયેલો હતો. ત્યારે ગત ૧૯ તારીખે બપોરના ત્રણ વાગ્યાના અરસામાં વિપુલ અને રાકેશ પટેલીયા બાઈક લઈને ભુરાવાવ થી બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા. તે વેળાએ ભુરાવાવ રેલ્વે ઓવર બ્રિજ પર સામેથી પૂરઝડપે આવી રહેલા ટ્રક ચાલકે બંને બાઈક સવાર વ્યક્તિઓને અડફેટે લીધા હતા. જેને લઈને બંને વ્યક્તિઓ ફંગોળાયા હતા. જેમાં વિપુલભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે રાકેશભાઈને ઓછીવત્તી ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ ૧૦૮ મારફતે બંને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબ દ્વારા વિપુલભાઈને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે રાકેશભાઈને વધુ સારવાર અર્થે વડોદરા રીફર કરવામાં આવ્યા હતા. બીજી તરફ આ અકસ્માતને પગલે અઢી વર્ષના બાળકે પોતાના પિતાની છત્રછાયા ગુમાવતા અરેરાટી પ્રસરી ગઇ હતી. અકસ્માત બાદ ટ્રકના ચાલક સામે શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગરબાડાના ભુતરડી ગામે પંચમાં મુકવામાં આવતા રૂપીયામાં પાંચ રૂપીયા ઓછા પડતા ધીંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ભુતરડી ગામે પરણિતાને સાસરીમાં મોકલાવાની હોઈ અને પંચ ભેગુ કરતાં પંચમાં મુકવામાં આવતાં રૂપીયા પૈકી માત્ર પાંચ રૂપીયા ઓછા પડતાં ૦૮ જેટલા ઈસમોના શસ્ત્ર ટોળાએ ભારે ધિંગાણું મચાવી ત્રણથી ચાર જણાને લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૧૭મી મેના રોજ ગરબાડા તાલુકાના ભુતરડી ગામે ખેડા ફળિયામાં રહેતાં ફકરૂભાઈ સુરતાનભાઈ ભાભોરની દિકરીને સાસરીયામાં મોકલવાની હોઈ જે બાબતે આગેવાનો તથા સાસરી પક્ષના તથા પિયર પક્ષના બંન્ને માણસો ભેગા થયાં હતાં અને તે દરમ્યાન ગોળધણા વહેંચી રૂા. ૨૦ હજારની વહેંચણી કરતાં હતાં તે દરમ્યાન માત્ર પાંચ રૂપીયા ઓછા પડતાં ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામે રહેતાં વિરસીંગભાઈ છગનભાઈ પરમાર, અજયભાઈ વિરસીંગભાઈ પરમાર, હરમલભાઈ બચુભાઈ પરમાર, કમલેશભાઈ હરમલભાઈ પરમાર, મેહુલભાઈ હરમલભાઈ પરમાર, સંજુભાઈ ગોરચંદભાઈ પરમાર, પરસુભાઈ બચુભાઈ પરમાર અને અજયભાઈ પરસુભાઈ પરમારનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી હાથમાં મારક હથિયારો ધારણ કરી અને કીકીયારીઓ કરતાં કરતાં આવી લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે અને ગડદાપાટ્ટુનો માર મારી સંજયભાઈ નાનસીંગભાઈ પરમાર તથા તેમની સાથેના માણસોને માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ફકરૂભાઈ સુરતાનભાઈ ભાભોરે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.228

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા ખાતે જિલ્લા પ્રભારી મંત્રીના અધ્યક્ષ સ્થાને

# રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત કેશ ક્રેડીટ કેમ્પ યોજાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે સદાબા ફેડરેશન હોલમાં જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને અને ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ અને મહાનુભાવોના હસ્તે મંગલદીપ પ્રગટાવી રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત યોજાયેલ કેશ ક્રેડીટ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.



આ પ્રસંગે મંત્રી અર્જુનસિંહ ચૌહાણે સંબોધન કરતા જણાવ્યું હતુ કે મારા પ્રભારી તરીકેના જિલ્લામાં મારા ગ્રામ વિકાસ મંત્રાલયની એક ખુબ જ સરસ યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને સામૂહિક લોન વિતરણ અન્વયે કેશ ક્રેડિટ કેમ્પ કાર્યક્રમ યોજાયો છે. તેમા આજે ૩૩ જુથોને ૪૩.૦૦ લાખના ચેકનું વિતરણ કરવામાં આવ્યું તેમજ કાઉન્ટર પર થી ૧૨૩ જુથોને ૧૨૭.૦૦ લાખ રૂપિયાના મંજુરી પત્રો આપવામાં આવશે. આમ કુલ ૧૫૬ જુથોને ૧૭૦.૦૦ લાખનું લોન ધિરાણ કરવામાં આવશે. જેના થકી સખીમંડળની બહેનોને સમય મર્યાદામાં ધિરાણ કરી શકાશે આ કેમ્પથી બહેનો લોન ધિરાણની રકમ મેળવી વિવિધ આજીવિકા લક્ષી પ્રવૃત્તિઓ જેવી કે પશુપાલન, ખેતીને લગતી પ્રવૃત્તિઓ, કરીયાણાની દુકાન વગેરે લઘુ ગૃહ ઉદ્યોગો શરૂ કરી આત્મનિર્ભર બની ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અત્યાર સુધી કેશ ક્રેડિટ લોનના માદયમથી સ્વ સહાય જુથોની ૬૫૧ અરજીઓ વિવિધ બેંકમાં મુકવામાં આવેલ તે પૈકી કેમ્પ અગાઉ બેંકો દ્વારા ૩૦૧ જુથોની ૩૫૦.૦૦ લાખની લોન મંજુર કરી ૧૩૮ જુથોને ૧૬૨.૦૦ લાખનું ધિરાણ કરવામાં આવેલ છે. જયારે કેશ ક્રેડિટ કેમ્પમાં ૩૩ જુથોને ૪૩.૦૦ લાખના ચેકનું વિતરણ કરવામાં આવ્યું તેમજ કાઉન્ટર પર થી ૧૨૩ જુથોને ૧૨૭.૦૦ લાખ રૂપિયાના મંજુરી પત્રો આપવામાં આવશે. આમ કુલ ૧૫૬ જુથોને ૧૭૦.૦૦ લાખનું લોન ધિરાણ કરવામાં આવશે. આમ અત્યાર સુધી કુલ ૪૨૪ જુથોની ૪૭૭.૦૦ લાખની લોન મંજુર કરી ૧૭૧ જુથોને ૨૦૫.૦૦ લાખના ચેકનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરેલ બેંક મિત્ર, શ્રેષ્ઠ કામગીરી કરતા બીસી સખી તથા શ્રેષ્ઠ કામગીરી સખીમંડળ તમામને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત સ્વ સહાય જૂથોને સામૂહિક લોન વિતરણ અન્વયે કેશ ક્રેડિટ લોનના પ્રતિક રૂપે ૩૩ જુથોને ચેક એનાયત કરવામાં આવ્યા હતા.



પંચમહાલ જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ સવારે ૭.૦૦ કલાકે કાંસુડી ખાતે શિક્ષણ વિભાગ દ્વારા યોજાયેલ પ્રભાત ફેરીમાં ઉપસ્થિત રહીને પ્રભાત ફેરીમાં જોડાયેલ બાળકો, ગ્રામીણજનોને પોત્સાહિત કર્યા હતા. આ ફેરીમાં જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, ડીવાયએસપી ખટાણા, અગ્રણી અશ્વિનભાઇ પટેલ તેમજ શિક્ષણ વિભાગ અધિકારીઓ અને કર્મચારીઓઓ જોડાયા હતા.

આ કેમ્પમાં ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજીએ પ્રાસંગીક સંબોધન કર્યું હતું. જયારે સ્વાગત પ્રવચન તાલુકા વિકાસ અધિકારી જે.આર.સોલંકીએ તથા આભાર દર્શન જિલ્લા લાઈવલીહુડ મેનેજર જય ભાટીયાએ કર્યું હતું. શ્રેષ્ઠ કામગીરી કરેલ બેંક મિત્ર, બીસી સખી તથા શ્રેષ્ઠ કામગીરી કરનાર સખીમંડળ બહેનોએ પોતાના પ્રતિભાવ રજુ કર્યા હતા.

## પાવાગઢ દુધીયા તળાવ નજીક અન્નક્ષેત્ર, ડોટમેટરી હોલનું જીલ્લા પ્રભારી હસ્તે ખાતમુર્હત કરાયું

ગોધરા,

પાવાગઢ ખાતે થઈ રહેલ મંદિરના નવિનીકરણ અંતર્ગત પંચમહાલ જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણે અંદાજે રૂ.૧૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર બે પ્રકલ્પ એવા માતાજી મંદિરના પગથીયા પાસે દુધીયા તળાવ નજીક અન્નક્ષેત્ર જ્યાં એક સાથે પાંચસો માણસો ભોજન પ્રસાદ લઈ શકશે તેમજ ડોટમેટરી હોલનું ખાતમુર્હુત મંત્રીના હસ્તે અને રાજય આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર, મંદિરના ચેરમેન સુરેન્દ્રભાઈ પટેલ, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, અગ્રણી અશ્વિનભાઈ પટેલ અને પ્રાંત અધિકારીની ઉપસ્થતિમાં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, રાજય આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર સહિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.



ત્યારબાદ પંચમહાલ જિલ્લા પ્રભારી અને ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, રાજય આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર સહિત મહાનુભાવોએ મહાકાળી માતાજીના મંદિરમાં માતાજી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ કાર્યક્રમમાં ડીઆરડીએ નિયામક તબીયાર, અગ્રણી અશ્વિનભાઈ પટેલ, વિવિધ બેંકોના બ્રાન્ચ મેનેજરઓ ટીમ ગછ્છ સહિત મોટી સંખ્યામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત સ્વ સહાય જૂથોની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરાના બાહી ગામ પાસેની કુણ નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં માફિયાઓ

શહેરા,

શહેરા તાલુકાના બાહી ગામ પાસે પસાર થતી કુણ નદીમાં મોટા પાયે ગેરકાયદેસર રેતી ખનન ખનીજ માફીયાઓ દ્વારા કરવામાં આવી રહયુ છે. નદી ખાતે રેતી ભરીને દિવસ દરમિયાન ટ્રેકટર સહિતના વાહનોમા રોયલ્ટી પાસ વગર ખનીજ વહન થતુ હોવાથી દર મહિને સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું હોય ત્યારે ખાણ ખનીજ વિભાગ, મામલતદાર સહિત સબંધિત તંત્રને આ સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ નથી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના બાહી ગામ પાસે પસાર થતી કુણ નદી માંથી પાછલા કેટલાક સમયથી ખનીજ માફિયાઓ દ્વારા તંત્રના કોઈ પણ ડર વગર રેતી કાઢવામાં આવી રહી છે. આ નદીના વિસ્તારમાંથી ખનીજ માફિયાઓ દિવસ અને રાત્રિ દરમિયાન નદીમા ખાડાઓ પાડીને ગેરકાયદેસર રીતે રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના વાહનો માં રોયલ્ટી પાસ વગર ભરીને જતા હોય છે. જોકે નદી ખાતે દિવસે અને રાત્રી દરમિયાન ૫૦કરતા વધુ વાહનોમાં રોયલ્ટી પાસ વગર અને લીઝ નહી હોવા છતાં બેરોકટોક રેતી ખનન થતુ હોવાથી સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું હોય તેમ છતાં સ્થાનિક મામલતદાર અને જિલ્લાનું ખાણ ખનીજ વિભાગ આ સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ નહી હોવાથી નદીમાં મોટાપાયે ગેરકાયદે રેતી ખનન વધી રહ્યુ છે.

નદી માથી રેતી ખનન કરનાર ખનીજ ખનીજ માફિયાઓ ઉચી પહોંચ ધરાવતા હોવાથી કુણ નદીમા થતુ ગેરકાયદેસર રેતી ખનન સામે અત્યારસુધી મા કોઈ જ કાર્યવાહી અહી કરવામાં નહી આવતા તંત્રનો કોઈ પણ ડર રહયો નથી. સરકારી તિજોરીને રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતું હોવાથી લાખો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું હોય ત્યારે જિલ્લા કલેકટર અને ખાણ ખનીજ વિભાગ આ કુણ નદીમાં થતુ રેતી ખનન અટકાવીને ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરે તે પણ જરૂરી છે. કુણ નદીમાં લીઝ નહીં હોવા છતાં જે રીતે ગેરકાયદે રેતી ખનન થતું હોય મામલતદાર જાણતા હોવા છતાં આ સામે કાર્યવાહી કરવા કયા કારણથી ખચકાઈ રહ્યા હોય ત્યારે તેવા અનેક સવાલો લોકોમાં ભારે ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો છે.

## કાંકણપુર સાયન્સ કોલેજ દ્વારા ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે માર્ગદર્શન વેબિનાર યોજાયો

ગોધરા,

તાજેતરમાં જ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા સર્લગ્ન સાયન્સ કોલેજ કાંકણપુર દ્વારા ESPI Visa Consultancyના સહયોગ થી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટેનો માર્ગદર્શન ઑનલાઈન વેબિનાર યોજાઈ ગયો. તાજેતરમાં ESPI visa consultanc વડોદરા અને ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા વચ્ચે MOU થયેલ છે. જેને અનુલક્ષીને કાકણપુરની શ્રી એન.એ.પટેલ સાયન્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી, પુરતું અને માળખાગત માર્ગદર્શન મળી રહે તે હેતુથી ESPI Visa Consultancy વડોદરાના સહયોગથી ઓનલાઈન વેબિનારનું આયોજન થયેલ જેમાં ESPI visa Consultancy વડોદરામાંથી પ્રો. શિવમ મુનશી દ્વારા સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં બી.એસ.સી અને એમ.એસ.સીના તમામ વિદ્યાર્થીઓ અને કોલેજનો સમગ્ર સ્ટાફ અને આચાર્ય પ્રા. કશ્યપ મહેતા સહિત અનેકોએ જોડાઈને માર્ગદર્શન મેળવ્યું હતું. મધ્ય ગુજરાતની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં સહુથી પહેલા આ પ્રકારના કાર્યક્રમની શરૂઆત કાંકણપુર સાયન્સ કોલેજ દ્વારા થતાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા દ્વારા તેને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે. આ પ્રકારનાં કાર્યક્રમોં દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વિદેશમાં જવા માટે જાગૃતિ લાવીને શિક્ષણનો ઊંચો ગ્રોથ લઈ જવાનો મુખ્ય હેતુ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાંકણપુર સાયન્સ કોલેજના આચાર્ય કશ્યપ મહેતાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અદયાપકો અને આ ક્ષેત્રે રસ ધરાવતા લોકોએ ભાગ લીધો હતો.

## ગોધરા તાલુકાના થાણા ગર્જન વિસ્તારના જંગલમાંથી ૩ ગૌવંશને કતલ થતાં પહેલાં ઉગારી લેવાયા

ગોધરા,

ગોધરા અગ્નીવિર પ્રાણીન ફાઉન્ડેશનનાં કાર્યકર્તાઓને ખાનગી બાતમી મળી હતી કે, ગોધરા તાલુકાના થાણાગર્જન ગામમાં જંગલ વિસ્તારમાં કેટલાક લોકો ગૌવંશને ચલાવી કતલ કરવાના ઈરાદે ગોધરા શહેર તરફ આવી રહ્યા છે. ત્યારે કાર્યકર્તાઓને મળેલી બાતમીના આધારે કાર્યકર્તાઓએ જિલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી તેમજ નાયબ જિલ્લા પોલીસ વડા સી.સી.ખટાણા નો સંપર્ક કરી તેઓની સૂચના અને માર્ગદર્શન મુજબ ગોધરા શહેર બી ડિવિજન તેમજ ગોધરા તાલુકા પોલીસ મથકના પોલીસ સ્ટાફ દ્વારા અને ગૌ કાર્યકર્તાઓ ગોધરા તાલુકાના થાણાગર્જનનાં જંગલ વિસ્તારમાં છાપો મારતા ૩ ગૌવંશને ઉગારી લેવાયા હતા. ત્યારે ગૌવંશને કતલ કરવાના ઈરાદે લઈને આવતા આરોપીઓ પોલીસને જોઈ નાશી છૂટયા હતા. ઉગારી લેવાયેલા ગૌવંશને પરવડી સ્થિત પાંજરાપોળ ખાતે સુરક્ષિત ખસેડવામાં આવ્યા હતા.

## ભારતીય કિસાન સંઘ પંચમહાલ જિલ્લાની કારોબારી સભા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરા ખાતે યોજાઇ



ગોધરા,

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરા ખાતે ભારતીય કિસાન સંઘ પંચમહાલ જિલ્લાની કારોબારી બેઠક યોજાઇ હતી. જેમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી.

કિસાન સંઘ દ્વારા ખેડૂતોના મહેસૂલી પ્રશ્નોનું નિરાકરણ દ્વારા મામલતદાર કક્ષાએ દર મહિને, પ્રાંત કક્ષાએ દર બે મહિને અને કલેકટર કક્ષાએ ત્રણ મહિને બેઠક રાખવા રજૂઆત કરવામાં આવેલ. આગામી તા.૦૧.૦૬.૨૦૨૨ નાં રોજ ખેડૂતોના વિવિધ મહેસૂલ વિભાગના પડતર પ્રશ્નો અને ઊર્જા વિભાગના પ્રશ્નો અંગે વિભાગના મંત્રી ને મોકલી તેમની સાથે મિટિંગની આયોજન કરવામાં આવેલ છે.

કિસાન સંઘના હોદ્દેદારોને જિલ્લાના આગામી કાર્યકમો વિશે માહિતી આપવામાં આવી. આ બેઠકમાં ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ રતનસિંહ રાઠોડ તથા સંયોજક નરવરસિંહ સોલંકી, જિલ્લા પ્રમુખ ખુમાનસિંહ ચુ ચોહાણ, મહામંત્રી સુરેન્દસિંહ સોલંકી જિલ્લાના હોદેદારો, તાલુકા મંડળના પ્રમુખ હાજર રહ્યા હતા.

## ગોધરા શહેરના બસ સ્ટેન્ડમાં એસટી બસના ચાલકે વૃદ્ધને અડફેટે લઈ ઈજાઓ પહોંચાડી

ગોધરા,

દાહોદ જિલ્લાના પીપલોદ ખાતે રહેતા યશકુમાર સોનીના પિતા રાજેશકુમાર સોની ગત ૧૯ તારીખે ગોધરા ખાતે આવ્યા હતા. બાદમાં તેઓ પોતાનું કામ પતાવીને પરત પીપલોદ જવા માટે ગોધરા બસ ડેપોમાં બસની રાહ જોઈ રહ્યા હતા. તે વેળાએ એક બસના ચાલકે એસટી બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવીને રાજેશકુમાર સોનીને અડફેટે લીધા હતા. જેમાં તેઓને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ રાજેશકુમારને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માત બાદ ચાલક બસ મૂકીને ફરાર થઈ ગયો હતો. ત્યારે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે બસના ચાલક સામે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના ટીંબાની મુવાડી ગામ પાસેથી ઝડપાયેલ માંસનો જથ્થો ગૌમાંસ

ગોધરા,

પંચમહાલ એલસીબી પોલીસ દ્વારા ટિંબાની મુવાડી ગામ નજીકથી ઝડપી પાડવામાં આવેલો શંકાસ્પદ માંસનો જથ્થો ગૌમાંસ હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, ગોધરા શહેરના સિગ્નલ ફળિયા વિસ્તારમાં રહેતા મોહસીન નીશાર ખાલપા, ઇમરાન નિશાર ખાલ્પા અને સુલતાન નિશાર ખાલપા પોતાના કબજાની કારમાં સીટ નીચે તથા ડીકિમાં માંસનો જથ્થો લઈને ગોધરા તરફ આવી રહ્યા છે. જેના આધારે એલસીબી પોલીસ દ્વારા ટિંબા ની મુવાડી ગામે આવેલા મોતાલ રોડ પર નાકાબંધી ગોઠવવામાં આવી હતી. જે દરમ્યાન બાતમી મુજબના વ્યક્તિઓ કાર લઈને આવ્યા હતા. જે નાકાબંધી જોઈને કાર મૂકીને નાસી છૂટયા હતા. પોલીસ દ્વારા કારમાંથી ૩૯ હજારની કિંમતનો શંકાસ્પદ માંસનો જથ્થો કબજે લઈને ગૌમાંસ છે કે કેમ તેની તપાસ માટે પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યો હતો. જે માંસનો જથ્થો પરીક્ષણ બાદ ગૌમાંસ હોવાનું સામે આવ્યું છે. ત્યારે પોલીસ દ્વારા ફરાર થયેલા તમામ ત્રણ ઈસમો સામે ગોધરા તાલુકા પોલીસમથકે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

## ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા રાંટા પ્લોટ મદની મસ્જિદ નજીકથી શંકાસ્પદ માંસનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો

ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા ગોધરા શહેરના રાંટા પ્લોટ વિસ્તારમાં આવેલ મદની મસ્જિદ નજીક શંકાસ્પદ માંસનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. માંસનો જથ્થો વેચવા માટે બેસેલા ઈમરાન બિલાલ દાવ નામના વ્યક્તિ પાસેથી પોલીસે ૧૦ કિલોગ્રામ શંકાસ્પદ માંસનો જથ્થો તેમજ અન્ય સાધનો સહિત રોક્ડ મળીને પોલીસ દ્વારા કુલ રૂ.૬૧૩૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. જ્યારે આ માંસનો જથ્થો ગૌમાંસ હોવાની આશંકાએ પરીક્ષણ માટે કબ્જે લેવામાં આવ્યો હતો. જ્યારે આ માંસનો જથ્થો બિલાલ અબ્દુલ રબ દાવ નામના વ્યક્તિએ મોકલ્યો હોવાનું સામે આવ્યુ હતું.

## અભયમ ગોધરાના અસરકારક કાઉન્સિલીંગ થી બાળક સાથે માતાને સાસરીમાં સ્થાન અપાવ્યું

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાનાં નજીકના વિસ્તારમાંથી દોઢ વર્ષ પહેલા લગ્ન થયેલી પરણીતા પર તેનાં સાસરી વાળાએ ઘરમાં કામકાજ કરતી નથી તેવો આરોપ લગાવી તેની પર ત્રાસ ગુજારતાં અને પીડિત મહિલાને અપશબ્દો બોલી તેમને ઘરમાંથી કાઢી મૂક્યા અને તેમનું ૪ મહિનાનું બાળક પણ સાસરી વાળાએ લઈ લીધું. આ ઘટનાથી ચિંતાગ્રસ્ત માતાએ ૧૮૧ અભયમ મહિલા હેલપલાઈન લાઈન પર ફોન કરી મદદ માંગી. બાળક માત્ર માતા ઉપર આધારિત છે તે સાસરી વાળાએ છીનવી લીધું છે તેમ જણાવ્યું. ૧૮૧ મહિલા હેલપલાઇનની ટીમ તાત્કાલિક મહિલાને લઈને તેનાં સાસરીમાં પહોંચી હતી. જ્યાં ૧૮૧ અભયમે સાસરી વાળાનું કુશળતાથી અસરકારક કાઉન્સિલીંગ કરી આ રીતે પરણિતાને હેરાન કરવા તે ગુનો બને છે. જેથી ઘરેલું હિંસા અધિનયમ હેઠળ સજા પણ થઈ શકે છે. કાયદાકીય માહિતી આપતા તેમને તેમની પોતાની ભૂલ સમજાઈ હતી અને હવે પછી કોઈ પણ પ્રકારની હેરાનગતિ નહી કરે અને પરણિતા અને બાળકની કાળજી લેશે તેવી ખાત્રી આપતાં પારિવારિક ઝઘડાનું સમાધાન કરવામાં સફળતા મળી હતી. અભયમ ટીમની સમયસર મદદ મળતાં માતાને તેનું બાળક પરત મળતાં પીડિતાએ ખુશીની લાગણી અનુભવી હતી.

## હાલોલ અને પાવાગઢ પોલીસ મથકના પ્રોહિબીશનના બે વોન્ટેડ આરોપીને એલ.સી.બી. પોલીસે ઝડપ્યો

હાલોલ,

હાલોલ અને પાવાગઢ પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને એલ.સી.બી.પોલીસે ગોધરા બસ સ્ટેશન ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો. પંચમહાલના હાલોલ અને પાવાગઢ પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી આરોપી કિરણ મનીયાભાઈ રાઠવા રહે. ગુડા તા.છોટાઉદેપુર અને અર્જુન ધાનકાભાઈ રાઠવા વોન્ટેડ નાસતા ફરતા આરોપી હોય બન્ને આરોપીઓ અંગે એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, બન્ને ઈસમો ગોધરા બસ સ્ટેન્ડમાં ઉભેલ છે. તેવી બાતમીના આધારે આરોપીઓને ઝડપી પાડી પાવાગઢ અને હાલોલ રૂરલ પોલીસને સોંપવામાં આવ્યા.